આજનો સુવિચાર
કોઈપણ કામ ત્યાં સુધી જ અસંભવ લાગે છે જ્યાં સુધી એ શરૂ કરવામાં ન આવે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૦૭ જૂનાગઢ તા.૧૮-૮-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 207, Junagadh : Date : 18 August, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## પેટ્રોલ - ડીઝલનાં ભાવો ઘટવાનાં સંકેતો : ખાદ્ય તેલ અને ઘઉંની આયાત ડયુટી પણ ઘટાડાશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૮

આમજનતાને મોંઘા પેટ્રોલ અને ડીઝલમાંથી રાહત મળી શકે છે. ખાદ્યપદાર્થો અને ઈંધણની કિંમતમાં વધારાને રોકવા માટે સરકાર રૂપિયા એક લાખ કરોડ ફાળવી શકે છે. વિવિધ મંત્રાલયોના બજેટમાંથી આ રકમ ફાળવવાની યોજના વિચારણા હેઠળ છે. સરકારી સૂત્રોએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી સપ્તાહમાં આ અંગે નિર્ણય લઈ શકે છે.

આ સ્કીમ હેઠળ પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર ટેક્સ ઘટાડી શકાય છે. ઉપરાંત, રસોઈ તેલ અને ઘઉં પરની આયાત ડ્યૂટી પણ ઘટી શકે છે. સરકારે ગયા વર્ષે $૨૬ બિલિયનની યોજના જાહેર કરી હતી. સામાન્ય લોકોને રાહત આપવા અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવને અંકુશમાં રાખવા માટે આ વખતે પણ નિર્ણય લેવામાં આવી શકે છે. મોંઘવારી એક સતત મુદ્દો છે. જુલાઈ રિટેલ ફુગાવો વધીને ૧૫ મહિનાની ટોચે પહોંચી ગયો હતો. શાકભાજી અને ખાદ્યપદાર્થોના ભાવ પણ વધુ ચિંતાજનક હતા, જે આસમાને પહોંચી ગયા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વર્ષે મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ જેવા દેશના કેટલાક રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી અને આવતા વર્ષે સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે. આવી સ્થિતિમાં મતદાતાઓને ખર્ચા પર લગામ લગાવવા માટે મોદી પાસે થોડા મહિના જ બાકી છે. જો કે, આવા નિર્ણયો લેતા પહેલા, વ્યકતિએ બજેટ ખાધ પર ધ્યાન આપવું જોઈએ, જેના પર વિશ્વભરના રોકાણકારોની નજર છે.

ભારતીય અર્થવ્યવસ્થા વિશ્વમાં સૌથી ઝડપી ગતિએ આગળ વધી રહી છે. આવી સ્થિતિમાં સરકાર પાસે એક લાખ કરોડ રૂપિયા ફાળવવાની ક્ષમતા છે. માર્ચ ૨૦૨૪માં પૂરા થતા બજેટના આ માત્ર બે ટકા છે. બજેટ ખાધના લક્ષ્યને વળગી રહીને સરકાર ગરીબો માટે સસ્તી લોન અને મકાનો આપવાની યોજના પર પણ વિચાર કરી શકે છે. દેશના ઘણા ભાગોમાં ભારે વરસાદ અને પૂરના કારણે ઘરવપરાશની ઘણી વસ્તુઓના ભાવ વધી ગયા છે. તેમાં ટામેટાં અને ડુંગળી જેવા મુખ્ય ઘટકોનો પણ સમાવેશ થાય છે.

## ચંદ્રયાન-૩ હવે ચંદ્રથી માત્ર ૩૦ કી.મી. જ દૂર ૨૩ ઓગષ્ટે સોફ્ટ લેન્ડીંગ માટેની પ્રક્રિયા શરૂ

બેંગ્લોર તા. ૧૮

ઈસરો ચંદ્રયાન-૩ના વિક્રમ લેન્ડરને આજે એટલે કે ૧૮ ઓગસ્ટના રોજ સાંજે ૪ વાગ્યે ડિબૂસ્ટિંગ દ્વારા થોડી નીચી ભ્રમણકક્ષામાં લાવશે. ડીબૂસ્ટિંગ એટલે અવકાશયાનની ગતિ ધીમી કરવી. આ પ્રક્રિયા ૨૦ ઓગસ્ટે પણ થશે. આ પછી, ચંદ્રથી લેન્ડરનું લઘુત્તમ અંતર ૩૦ કિમી રહેશે. સોફ્ટ લેન્ડિંગ ૨૩ ઓગસ્ટે સાંજે ૫:૪૭ વાગ્યે સૌથી ઓછા અંતરથી થશે.

અગાઉ ઈસરોએ ૧૭ ઓગસ્ટે ચંદ્રયાન-૩ના પ્રોપલ્શન મોડ્યૂલને બપોરે ૧:૧૫ વાગ્યે લેન્ડર અને રોવરથી અલગ કરી દીધું હતું. અલગ થયા પછી લેન્ડર મોડ્યૂલે પ્રોપલ્શન મોડ્યૂલને કહ્યું - 'થેક્સ ફોર ધ રાઈડ મેટ'. હવે પૃથ્વી પરથી આવતા રેડિયેશનનો અભ્યાસ કરવા માટે પ્રોપલ્શન મોડ્યૂલ ચંદ્રની ભ્રમણકક્ષામાં ૩-૬ મહિના સુધી રહેશે, જ્યારે લેન્ડર-રોવર ૨૩ ઓગસ્ટે સાંજે ૫:૪૭ વાગ્યે ચંદ્રની સપાટી પર ઊતરશે. અહીં એ ૧૪ દિવસ સુધી પાણીની શોધ સહિત અન્ય પ્રયોગો કરશે.

લેન્ડરને ૩૦ કિમીની ઉંચાઈથી ચંદ્રની સપાટી પર ઉતારવાની પ્રક્રિયા ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહેશે. પરિભ્રમણ કરતી વખતે તેને ૯૦ ડિગ્રીના ખૂણા પર ચંદ્ર તરફ જવાનું શરૂ કરવું પડશે. લેન્ડિંગ પ્રક્રિયાની શરૂઆતમાં, ચંદ્રયાન-૩ની ઝડપ લગભગ ૧.૬૮ કિમી પ્રતિ સેકન્ડ હશે. થ્રસ્ટર્સની મદદથી તેને નીચે ઉતારીને તેને સુરક્ષિત રીતે સપાટી પર ઉતારવામાં આવશે.

## ગુજરાત ભાજપનાં ૭૧ ધારાસભ્યો રાજસ્થાન અને ૪૮ ધારાસભ્યો મધ્યપ્રદેશ જશે

નવી દિલ્હી તા. ૧૮ : છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તેલંગાણા અને મિઝોરમ સહિતના પાંચ રાજયોમાં ચાલુ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. જેને લઈને અત્યારથી જ રાજકીય ગરમી વધી રહી છે. રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસનું શાસન છે તો તેલંગાણામાં BRS સત્તામાં છે. રાજસ્થાન અને છત્તીસગઢ સહિતનો ગઢ જીતવા ભાજપ અત્યારથી જ એક્શન મોડમાં કામ કરી રહ્યું છે. જેને લઈને ગુજરાત ભાજપના ધારાસભ્યને અન્ય રાજયમાં જવાબદારી સોંપવામાં આવી છે.

હાઈકમાન્ડના આદેશ અનુસાર ગુજરાતના ૭૧ ધારાસભ્ય, રાજસ્થાન, ૪૮ ધારાસભ્ય મધ્યપ્રદેશ ચૂંટણીને લઈને પચાર, પ્રસાર અર્થે જશે. સરકારના કામો ગામડાના ખૂણે ખૂણે પહોંચે અને જમીન લેલવે સંગઠનને મજબૂત કરવા સહિતની દરેક ધારાસભ્ય જેતે વિસ્તારમાં જઈ સંગઠન લેવલે કામગીરી કરશે. એટલું જ નહીં તમામ ધારાસભ્યોને આજ સુધીમાં જે તે વિસ્તારમાં પહોંચી જવા પણ મોવડી મંડળ દ્વારા સૂચના આપી દેવામાં આવી છે. જેના ભાગરૂપે ૧૦ દિવસ સુધી ભાજપના ધારાસભ્ય પોતાને સોંપાયેલા મત વિસ્તારમાં કામગીરી કરશે.

## મેક ઈન ઈન્ડિયા : છેલ્લા ૮ વર્ષ દરમ્યાન ભારતમાં ૨૦૦ કરોડ મોબાઈલ ફોનનું ઉત્પાદન થયું

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૮

આજે મોબાઈલ લોકોના જીવનનું એક અંગ બની ગયુ છે. હવે દુનિયામાં મોબાઈલ ઉત્પાદનમાં ભારત બીજા ક્રમે આવી ગયું છે. મેક ઈન ઈન્ડીયા પહેલને પગલે દેશમાં ૨૦૧૪થી ૨૦૨૨ દરમિયાન અધધ ૨ બિલિયન (બે અબજ) મોબાઈલનું ઉત્પાદન કર્યુ છે.

કેન્દ્ર સરકારની 'મેક ઈન ઈન્ડિયા' પહેલે ૨૦૧૪-૨૦૨૨ના સમયગાળા દરમિયાન સ્થાનિક રીતે ઉત્પાદિત મોબાઈલ ફોનના સંચિત શિપમેન્ટને ૨ અબજના આંકડાને વટાવી દીધું છે. ગ્લોબલ રિસર્ચ ફર્મ કાઉન્ટરપોઈન્ટના રિપોર્ટ અનુસાર, ભારતે મોબાઈલ ફોન શિપમેન્ટમાં ૨૩ ટકાનો કમ્પાઉન્ડ એન્યુલ ગ્રોથ રેટ નોંધાવ્યો છે.

દેશમાં માંગમાં વધારો, ડિજિટલ સાક્ષરતામાં વધારો અને વ્યૂહાત્મક સરકારી સમર્થન (સ્ટ્રેટેજિક ગવર્મેન્ટ સપોર્ટ) આ વૃદ્ધિને આગળ ધપાવે છે, અહેવાલમાં ઉમેર્યુ હતું. આ વિકાસ સાથે, ભારત હવે વિશ્વના બીજા સૌથી મોટા મોબાઈલ ફોન ઉત્પાદકના સ્થાને પહોંચી ગયું છે.

સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે સરકારે તબક્કાવાર મેન્યુફેક્ચરિંગ પ્રોગ્રામ, મેક ઈન ઈન્ડિયા, પ્રોડકશન લિંક્ડ ઈન્સેન્ટિવ, અને આત્મા-નિર્ભર ભારત સહિત અનેક પહેલો શરૂ કરી છે. તાજેતરના વર્ષોમાં આ યોજનાઓએ સ્થાનિક સ્તરે મોબાઈલફોન ઉત્પાદન વધારવામાં મદદ કરી છે.

## વિશ્વમાં સૌથી વધુ ભારતનાં લોકો પાસે ૨૫૦૦૦ ટન સોનુ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૮

ભારતીયોનો સોના પ્રત્યેનો પ્રેમ જાણીતો છે. વિશ્વમાં સોનાનો સૌથી વધુ વપરાશ ચીનમાં થાય છે અને ત્યારબાદ ભારતનો નંબર આવે છે. પરંતુ શું તમે જાણો છો કે વિશ્વના કયા દેશમાં સૌથી વધુ સોનાનો ભંડાર છે જવાબ છે અમેરિકા.

વિશ્વના સૌથી શક્તિશાળી દેશ અને સૌથી મોટી અર્થવ્યવસ્થા અમેરિકાની સરકારી તિજોરીમાં ૮,૧૩૩ ટન સોનું છે. આ મામલે દુનિયાનો કોઈ દેશ અમેરિકાની નજીક પણ નથી. આ યાદીમાં બીજા ક્રમે જર્મની છે, જેની સેન્ટ્રલ બેંક ટ્રેઝરીમાં ૩,૩૫૫ ટન સોનું છે. સોનાના ભંડારની બાબતમાં ભારત ટોચના ૧૦ દેશોમાં સામેલ છે.

વર્લ્ડ ઓફ સ્ટેટિસ્ટીક્સ અનુસાર સૌથી વધુ સોનાનો ભંડાર ધરાવતા દેશોની યાદીમાં ઈટલી ત્રીજા નંબરે છે. આ યુરોપિયન દેશ પાસે ૨,૪૫૨ ટન સોનાનો ભંડાર છે. ફ્રાન્સ પાસે ૨,૪૩૭ ટન સોનું છે તે આ યાદીમાં પાંચમા ક્રમે છે. પછીનો નંબર રશિયાનો છે. રશિયા પાસે ૨,૩૩૦ ટન સોનું છે.

ગયા વર્ષે ફેબ્રુઆરીમાં યુક્રેન પર હુમલા પહેલા રશિયાએ અન્ય દેશો પાસે પડેલા તેના સોનાના ભંડારને પરત મોકલ્યો હતો. વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ ચીન આ યાદીમાં છઠ્ઠા નંબર પર છે. તેની પાસે ૨,૧૧૩ ટન સોનાનો ભંડાર છે. યુરોપના નાના દેશ સ્વિટ્ઝર્લેન્ડ પાસે ૧,૦૪૦ ટન સોનું છે. આ યાદીમાં આગળનું નામ જાપાનનું છે. વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવતા દેશ જાપાન પાસે ૮૪૬ ટન સોનાનો ભંડાર છે.

આ યાદીમાં ભારત નવમા નંબરે છે. ભારત પાસે ૭૯૭ ટન સોનાનો ભંડાર છે. પરંતુ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલ અનુસાર ભારતમાં સામાન્ય લોકો પાસે લગભગ ૨૫,૦૦૦ ટન સોનું છે, જે વિશ્વમાં સૌથી વધુ છે.

## ઈન્દોરમાં કુતરાનાં મામલે ફાયરીંગની ઘટના : બે લોકોનાં મોત

ઈન્દોર તા. ૧૮ : ઈન્દોરના ખજરાના પોલીસ સ્ટેશન વિસ્તારના કૃષ્ણા બાગમાં રહેતા પાડોશીઓ વચ્ચે ગત મોડી રાત્રે કૂતરા ફરવાને લઈને ઝઘડો થયો હતો. વિવાદ એટલો વધી ગયો કે ગોળી ચલાવવામાં આવી. જેમાં બે લોકોના મોત થયા હતા. જયારે એક મહિલા સહિત ૬ લોકો ઘાયલ થયા છે. આરોપીઓએ પહેલા હવામાં ફાયરિંગ કર્યું હતું. માહિતી બાદ પોલીસે આરોપીની ધરપકડ કરીને લાયસન્સ ગન કબજે કરી લીધી છે.

એડિશનલ ડીસીપી અમરેન્દ્ર સિંહના જણાવ્યા અનુસાર, આ ઘટના ગત રાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ બની હતી. જયારે ખજરાના પોલીસ સ્ટેશન વિસ્તારની રામકૃષ્ણ કોલોનીમાં રહેતા બેંક સિક્યુરિટી ગાર્ડ રાજપાલ સિંહ રાજાવત તેના પાલતુ કૂતરાને લઈને ફરતા હતા. ત્યારબાદ વિસ્તારમાં રહેતા વિમલે કૂતરાને પથ્થરમારો કર્યો હતો. આ પછી બંને વચ્ચે બોલાચાલી શરૂ થઈ ગઈ. દરમિયાન રાહુલ પણ ત્યાં પહોંચી ગયો હતો. રાજપાલ નેવિમલ અને રાહુલને ડરાવવા તેણે ઘરમાંથી બંદૂક કાઢી અને હવામાં ફાયરિંગ કર્યું. થોડા સમય પછી આરોપીઓએ નેવિમલ અને રાહુલ પર ગોળીબાર કર્યો, જેમાં તેઓનું મોત થયું. ઘટના બાદ વિસ્તારમાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. રાહુલ અને વિમલના પરિવારજનો મોટી સંખ્યામાં બહાર આવ્યા હતા. જેમાં સીમા સાથે જયોતિ, લલિત, કમલ અને મોહિતને પણ છરો વાગ્યો હતો. તે તમામ ઘાયલ છે. તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. કહેવામાં આવી રહ્યું છે કે ગોળી ૧૨ બોરની બંદૂકથી ચલાવવામાં આવી હતી.

જયોતિ અને અન્યને આંખ અને ચહેરા પર ગોળીથી ઈજાઓ છે. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતક રાહુલ અને વિમલ સગા ભાઈ-ભાભી છે. તેના લગ્ન ૮ વર્ષ પહેલા રાહુલની બહેન આરતી સાથે થયા હતા. તેમને બે દીકરીઓ પણ છે. ઘટના બાદ પોલીસે આરોપી રાજપાલસિંહની ધરપકડ કરી લીધી છે. રિપોર્ટ અનુસાર, આરોપી બેંક ઓફ બરોડામાં સિક્યુરિટી ગાર્ડ છે.

## બિલ્કીશ બાનો કેસમાં દોષિતોને છોડી મુકવા અંગે સુપ્રિમ કોર્ટે ગુજરાત સરકારને આકરા સવાલો પુછ્યા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૮

બિલકિસ બાનો કેસમાં દોષિતોને છોડવા પર સુપ્રીમ કોર્ટે સવાલ ઉઠાવ્યા છે. સુપ્રિમ કોર્ટે પૂછ્યું કે આ દોષિતોને મોતની સજા બાદ આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. એવામાં ૧૪ વર્ષની સજા કાપીને કેવી રીતે છૂટ્યા? ગુજરાત સરકારને પૂછવામાં આવ્યું કે ૧૪ વર્ષની સજા પછી છોડવાની રાહત બાકી કેદીઓને કેમ ના મળી? ૨૦૦૨માં ગોધરા રમખાણ દરમિયાન બિલકિસ બાનો સાથે ગેન્ગરેપ થયો હતો, તેના પરિવારના ૭ લોકોની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં ૧૧ લોકોને દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

સુપ્રીમ કોર્ટે બિલકિસ બાનો ગેન્ગરેપ કેસમાં સુનાવણી યોજાઈ હતી. ગુજરાત સરકાર તરફથી હાજર થયેલા આસિસ્ટન્ટ સોલિસિટર જનરલ એસવી રાજૂએ કોર્ટમાં કહ્યું કે કાયદો આ નથી કેદરેક કોઈને હંમેશા માટે સજા આપવામાં આવે. કેદીઓને સુધરવાની તક મળવી જોઈએ. જેની પર જસ્ટિસ નાગરત્નાએ પૂછ્યું કે શા માટે માત્ર બિલકીસના દોષિતોને જ મુક્તિમાં છૂટનો લાભ આપવામાં આવ્યો, બાકીના કેદીઓને શા માટે આવી છૂટ મળી નથી ?

સુપ્રીમ કોર્ટે કહ્યું કે દેશભરમાં જેલ કેદીઓથી ભરેલી છે તો શા માટે તેમને સુધારવાની તક આપવામાં ન આવી. સુપ્રીમ કોર્ટે પૂછ્યું છે કે, બિલકિસના દોષિતો માટે જેલ સલાહકાર સમિતિની રચના કયા આધારે કરવામાં આવી? સલાહકાર સમિતિની વિગતો આપો.

## રાહુલ ગાંધી ૨૫ ઓગષ્ટ સુધી લેહમાં રોકાણ કરશે

નવી દિલ્હી તા. ૧૮

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી લેહ લદ્દાખના પ્રવાસે છે ત્યારે તેમનો આ પ્રવાસ વધુ બે દિવસ લંબાવવામાં આવ્યો છે. માહિતી મુજબ રાહુલ ગાંધી લેહ-લદ્દાખ ૨૫મી ઓગસ્ટ સુધી રોકાશે. માહિતી મુજબ રાહુલ ગાંધી ૨૦ ઓગસ્ટે પોતાના પિતા અને પૂર્વ વડાપ્રધાન દિવંગત રાજીવ ગાંધીનો જન્મદિવસ પેંગોંગ લેક પર ઉજવશે.

જમ્મુ અને કાશ્મીરમાંથી ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ કલમ ૩૭૦ અને ૩૫(A) નાબૂદ કરીને બે કેન્દ્રશાસિત પ્રદેશો, લદ્દાખ અને જમ્મુ-કાશ્મીરમાં વિભાજિત કર્યા બાદ રાહુલ ગાંધીની લદ્દાખમાં આ પ્રથમ મુલાકાત છે. તેઓ રોકાણ દરમિયાન કારગિલ મેમોરિયલની પણ મુલાકાત લેશે અને યુવાનો સાથે વાતચીત કરશે.

## મુંબઈ - સુરતની હીરા બજારમાં મંદીનો માહોલ

મુંબઈ, તા. ૧૮

ડાયમંડ બિઝનેસનો લગભગ ૯૫ ટકાથી વધુ વેપાર મુંબઈમાં થાય છે અને હાલમાં ભારતીય ડાયમંડ બજારમાં સુસ્તીનો માહોલ છે. ગ્લોબલ ડિમાન્ડમાં આવેલા ઘટાડાથી એકસપોર્ટમાં આવેલા ઘટાડા બાદ ૩૦ ટકા જેટલો સસ્તો થઈ ગયેલા રિયલ ડાયમંડનાં વેપાર પર પણ હવે ચિંતાના વાદળો જોવા મળી રહ્યા છે. મેન્યુફેકચરીંગના કલાકો પહેલાથી જ ઘટાડી ચુકેલી ઈન્ડસ્ટ્રીઝ ક્રિસમસનાં નવા ઓર્ડરને લઈને પણ મંદીનો સામનો કરી રહી છે.

એક વેપારીએ જણાવ્યું હતું કે ડાયમંડનો સૌથી મોટો ખરીદનાર અમેરીકાને એવૂ લાગે છે કે ભારતમાંથી અમેરિકા આવતો તૈયાર માલ ખરેખર તો રશીયાનાં અલરોસાથી ઓપરેટ થાય છે. આ સ્થિતિમાં એવુ કહેવાય છે કે, રશીયા પર યુએસે પ્રતિબંધ લાદયો છે અને આ કારણ છે કે આ મામલે સ્થિતિ સ્પષ્ટ ન થાય પર નવા ઓર્ડરને ગ્રહણ લાગી રહ્યું છે.

## મુકુલ વાસનિક ગુજરાત કોંગ્રેસનાં નવા પ્રભારી

અમદાવાદ તા. ૧૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નવા પ્રભારી તરીકે મહારાષ્ટ્રના નેતા અને કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી, રાજ્યસભાના સાંસદ મુકુલ વાસનિકની નિમણૂક કરવામાં આવી છે. આગામી વર્ષે યોજાનારી લોક્સભાની ચૂંટણી પૂર્વે સંગઠનમાં નોંધપાત્ર ફેરફારના સંકેતો વચ્ચે કોંગ્રેસ હાઈકમાન્ડે સૌ પ્રથમ ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે શક્તિસિંહ ગોહિલ બાદ હવે પ્રભારી તરીકે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ગુજરાતમાં સહ પ્રભારી ઉપરાંત ગુજરાતની અગાઉની ચૂંટણીઓમાં મહત્વની જવાબદારી નિભાવી ચૂકેલા મુકુલ વાસનિકને ગુજરાતના સંગઠનને ચેતનવંતુ કરવાની નવી મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

### વેરાવળનાં પોશ વિસ્તારમાં બનેલી ચકચારી ઘટના

## પડોશીનાં બાથરૂમમાં સ્પાય કેમેરો ગોઠવી મહિલાઓની કલિપ ઉતારતા વિકૃત માનસીકતા ધરાવતા યુવાન સામે ગુનો નોંધાયો

વેરાવળ તા.૧૮

વેરાવળનાં ૮૦ ફુટ રોડ પોશ વિસ્તારમાં બનેલી એક અત્યંત ચકચારી અને સનસનાટી મચાવનારી ઘટનામાં વિકૃત માનસિકતાનો પરિચય આપતા એક નરાધમે પડોશીનાં બાથરૂમમાં સ્પાઈ કેમેરો ફીટ કર્યો હતો જેનો ભાંડો ફુટી જતા આ સમગ્ર મામલો વેરાવળ પોલીસમાં પહોંચ્યો છે. પડોશીનાં મકાનનાં બાથરૂમમાં આ વિકૃત યુવકે સ્પાય કેમેરો ગોઠવીને બાથરૂમમાં સ્નાન કરી રહેલી મહિલાઓની કલિપ ઉતારતો હોવાની વિગતો બહાર આવેલ છે. ગત સાંજે મહિલાને બાથરૂમની જાળીમાં ફીટ કરેલો કેમેરો નજરે પડતા સમગ્ર કૃત્યનો ભાંડો ફુટયો હતો. આ મામલે વેરાવળ પોલીસે આરોપી યુવાન ગોપાલ વણીક વિરૂધ્ધ આઈટી એકટની કલમ-૬૬(ઈ) અને આઈપીસી ૩૫૪(ગ) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આરોપી વિકૃત યુવક ગોપાલ વણિક ફરીયાદીનાં રહેણાંક મકાનની બાજુમાં નવું મકાન બનાવી રહેલ છે અને મકાનનાં બાંધકામ સમયે દિવાલમાં બાથરૂમની સાઈડમાં કેમેરો ગોઠવ્યો હતો. આ વિકૃત યુવકનું કારસ્તાન બહાર આવતા સમગ્ર શહેરમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

કેયુરભાઈ મો. ૯૮૨૪૨ ૮૪૩૫૭
અતુલભાઈ મો. ૯૯૨૪૧ ૨૦૨૭૦
હર્બલ તથા રો-મટીરીયલનાં વેપારી
''ગાંધી''
જમનાદાસ ગોરધનદાસ વિઠલાણી
રામ મંદિર સામે, પંચહાટડી ચોક, જૂનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૨૧૧૭૫૭

હાર્દિક શુભેચ્છા....
UNIQUE
યુનિક
મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
ડો. દિવ્યાંગ પટેલ (સર્જન)
ડો. વિનય હરીયાણી (સર્જન)
ડો. દિપ્તી પટેલ (ગાયનેક સર્જન)
ડો. બિજલ હરિયાણી (હોમીયોપેથી)
ડો. પ્રિગ્નલ અઢેરા (પેથોલોજી)
ડો. પ્રવિણ દુધાત (ગાયનેક)
ડો. મિતેશ વેકરીયા (ગાયનેક)
ડો. ગિષ્મા દુધાત (ગાયનેક)
ડો. વિભૂતિ વેકરીયા (ફિઝીયોથેરાપીસ્ટ)
ડો. દેવેન ગોહેલ (એનેસ્થેટીસ્ટ)
ફોન : ૦૨૮૫ ૨૬૬૦૧૩૩ ૨૬૩૫૪૩૫
અક્ષર પ્લાઝા-૩ માળ, બેબીલેન્ડ સ્કુલની સામે, ઝાંઝરડા બાયપાસ ચોકડી, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ડો. સેતુલ ડેકાણીયા | ડો. ભાર્ગવી બુહા

શું તમે દુઃખાવા ની સમસ્યા થી લાંબા સમયથી પીડાવ છો???
તો આજે જ અમારી મુલાકાત લો...
સામવેદ
પેઈન મેનેજમેન્ટ સેન્ટર
PRP
સામવેદ
ઓર્થોપેડીક હોસ્પિટલ

# ગાંધીનગરમાં મેડટેક એક્સપો-૨૦૨૩નો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે પ્રારંભ






ગાંધીનગરતા.૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ્સ, ફિક્કી અને મેડટેક ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન આયોજિત ઈન્ડિયા મેડટેક એક્સપો- ૨૦૨૩નો ગાંધીનગરમાં પ્રારંભ કરાવ્યો હતો. મેડટેક ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા ઉદ્યમીઓ, સ્ટાર્ટઅપ્સ, હોસ્પિટલ્સ, રિસર્ચર્સ અને ઈન્વેસ્ટર્સ સહિત બધા જ સ્ટેક હોલ્ડર્સને અંડર વન અમ્બ્રેલા લાવનારું આ એક્ઝિબિશન ૧૭ થી ૧૯ ઓગસ્ટ દરમિયાન યોજાવાનું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલેઆ એક્ઝિબિશનનોપ્રારંભ કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ભારતને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે આત્મનિર્ભરતાનીદિશા મળી છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. મનસુખ માંડવીયાની પ્રેરક ઉપસ્થિતિમાં આ એક્ઝિબિશનને ખુલ્લું મુકતા મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાનએ ૨૦૪૭ સુધીમાં ભારતનેવિકસિત રાષ્ટ્રબનાવવા કરેલા સંકલ્પ અન્વયે ભારત ગ્લોબલ મેડટેક હબ થવા સજ્જ બનશે તેની પ્રતીતિ આ એક્ઝિબિશન કરાવે છે.

તેમણે ઉમેર્યું કે, એક સમય હતો કેદેશમાં સ્વાસ્થ્ય સુવિધાઓ અનેસંસાધનોનો દાયરો સીમિત હતોઅનેમોંઘા સાધનોપરનિર્ભર રહેવુંપડતું. વડાપ્રધાનનાનેતૃત્વમાં હવેદેશનીતસવીર બદલાઈ ગઈ છેઅનેઆપણે આત્મનિર્ભર થયા છીએ. એટલું જ નહીં, મેઈક ઈન ઈન્ડિયા કાર્યક્રમ અંતર્ગત દેશમાં મેડિકલ ડિવાઈસીસ અને દવાઓના નિર્માણને પ્રાથમિકતા અપાઈ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કેમોંઘી હેલ્થ સર્વિસીસ, ઈક્વિપમેન્ટ્સ અને દવાઓ સામાન્ય જન અને ગરીબ જરૂરત મંદ લોકોને હવે આસાનીથી મળતા થયા છે.

તેમણે આ મેડટેક એક્સપોના આયોજન માટે ગુજરાતની પસંદગીને સાચી દિશાની અને સમયાનુકુળ ગણાવતા ઉમેર્યું કે, ગુજરાત દેશના વિકાસનું રોલ મોડલ છે. ફાર્માસ્યુટિકલ સેક્ટરની ઈન્ડસ્ટ્રીઝ માટે ફેવરિટ ડેસ્ટિનેશન પણ છે. સૌરાષ્ટ્રમાં મેડિકલ ડિવાઈસીસ પાર્ક અને અંકલેશ્વરનજીકબલ્ક ડ્રગપાર્કના નિર્માણ કાર્ય પ્રગતિમાં છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મેડિસિન અને ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં ગુજરાત લીડિંગ એક્સપોર્ટર સ્ટેટ છે તેની વિગતો પણ આપી હતી. તેમણે ઉમેર્યું કે કાર્ડિયાક હાઈટેક સ્ટેન્ટના ઉત્પાદનમાં ગુજરાતઅગ્રણી છે. હાઈટેકઈન્ટ્રા ઓક્યુલર લેન્સના ઉત્પાદનના પચાસ ટકા ઉત્પાદન ગુજરાત કરે છે તેમજ ઓર્થોપેડિક ઈમ્પ્લાન્ટ ઈન્સ્ટ્રૂમેન્ટના ઉત્પાદનમાં પણ ગુજરાત લીડ લઈ રહ્યું છે.

ડો.માંડવિયાએ જણાવ્યું હતું કે,"મેડટેકએક્સ્પો ૨૦૨૩માટે માનનીય પ્રધાનમંત્રીના ભારતને 'આત્મનિર્ભર' બનાવવાના વિઝનમાંથી પ્રેરણા મળી છે. તે ભારતીય ચિકિત્સા ઉપકરણની ઈકોસિસ્ટમની ક્ષમતા અને ક્ષમતાનું પ્રદર્શન કરવા માટે એક વિશિષ્ટ, સર્વસમાવેશક પ્લેટફોર્મ હશે.". તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે, હુંએનડિયાએ ઉભરતા બજારોમાં સૌથી ઝડપથી વિકસતું તબીબી ઉપકરણોનું બજાર છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, "અમારું લક્ષ્ય તબીબી ઉપકરણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાનુંછે. અને આપણી આયાત પરની નિર્ભરતાને ઘટાડે છે, જે સંપૂર્ણપણે તેની સાથે સુસંગત છે અમારું 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઈન ઈન્ડિયા, મેક ફોર ધ વર્લ્ડ'નું અમારું વિઝન છે. ઓટોમેટિક રૂટ હેઠળ તબીબી ઉપકરણોનાઉત્પાદન માટે ૧૦૦ ટકા સુધી એફડીઆઈને મંજૂરી આપવામાં આવી છે." તેમણે જણાવ્યુંહતુંકે "ભારતમાં તબીબી ઉપકરણોના ક્ષેત્ર માટે, માનનીય પ્રધાનમંત્રીના સક્ષમ નેતૃત્વ હેઠળનીસરકારેઘણા નિયમોઅને નિયમોનેસરળબનાવીને,વેપાર-વાણિજ્યમાં સરળતા, તકનીકી પ્રગતિ પર ધ્યાન કેન્દ્રિત કરીને વિવિધ પગલાં લીધા છે અને રોકાણની વ્યવસ્થા વગેરેનેસરળ બનાવવી."

ડો. વી. કે. પૌલે ભારપૂર્વક જણાવ્યુંહતુંકે, "ભારતીય મેડટેક ક્ષેત્રએ તેના વિકાસ અને ઉત્કૃષ્ટતાનેવેગઆપ્યો છેઅનેહવે તે વૈશ્વિક સ્તરે જથ્થા, ગુણવત્તા અનેતેનીપહોંચની દ્રષ્ટિએઝડપથી વૃદ્ધિની દિશામાં આગળ વધવાના વળાંકપરછે." તેમણે જણાવ્યુંહતું કે, કેન્દ્ર સરકારની નીતિઓદેશમાં એક એવી ઈકોસિસ્ટમ ઊભી કરવા સજ્જ છે, જે ભારતને આરોગ્ય ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે આગળ ધપાવશે. તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની નવી શરૂ થયેલી પીએલઆઈ (પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ) યોજનાએ ફાર્માસ્યુટિકલ્સનાં ઉત્પાદન માટે તેમજ તબીબી ઉપકરણોનાં ઉત્પાદન માટે એપીઆઈ (એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ)નાં ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં મદદ કરી છે.તેમણે જણાવ્યુંહતું કે ભારતને તબીબી ઉપકરણો માટેનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા તરફ ઉદ્યોગ અને સરકાર વચ્ચે ભાગીદારી કરવામાં ભવિષ્યનું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "તબીબી ઉપકરણોનું ભવિષ્ય વિશાળ પરિવર્તનોમાંથી પસાર થવા માટે તૈયાર છે, જે ચાલુ તકનીકી ક્રાંતિઓ, ઉપકરણોના લઘુચિત્રકરણ, આઈઓટી સાથે સંકલન, ૩ડી પ્રિન્ટિંગ અને કસ્ટમાઈઝ્ડ મેડિકલ ઉપકરણો દ્વારા સંચાલિત છે."

આ પ્રસંગે મહાનુભાવોએ મેડટેક એક્સ્પો કોમ્પેન્ડિયમ, ફ્યુચર એન્ડ આરએન્ડડી પેવેલિયનની પુસ્તિકા અને ભારતના ફાર્માસ્યુટિકલ સેક્ટર પરની કોફી ટેબલ બુકનું પણ અનાવરણ કર્યું હતું.

મુખ્ય સચિવ રાજ કુમાર , અધિક મુખ્ય સચિવ એસ જે હૈદર, કમલેશ કુમાર પંત, ચેરમેન, નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (એનપીપીએ); ફિક્કી (ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી) મેડિકલ ડિવાઈસકમિટીના અધ્યક્ષ તુષાર શર્મા; આ પ્રસંગે ટ્રાન્સએશિયા બાયોમેડિકલ્સના મેનેજિંગ ડિરેક્ટર સુરેશ વઝિરાની અને સરકાર, ઉદ્યોગ અને મીડિયાના અન્ય પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## માધવપુર નજીક ફિશિંગ કરી રહેલી માંગરોળની હોડી ઉંધી વળી જતા બે માછીમારોના કરૂણ મોત



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળતા.૧૮

માછીમારીની સિઝનમાં પ્રારંભે જ માધવપુર નજીક ફિશિંગ કરી રહેલી માંગરોળની હોડી ઉંધી વળી જતા બે માછીમારોના મોત નિપજયાં હતાં. બનાવને પગલે માછીમારોમાં અરેરાટી પ્રસરી ગઈ છે. માંગરોળ બંદરેથી વહેલી સવારે નારણભાઈ પ્રેમજીભાઈ ભાદ્રેચાની માલિકીની ફાયબર હોડી "હનુમંતે સાગર" દરીયામાં ફિશિંગ માટે નીકળી હતી. પરંતુ માધવપુરના દરીયાકાંઠેથી આશરે ૧૦ થી ૧૨ નોટીકલ માઈલ દુર ચોમેર દરીયાના ઘૂઘવતા પાણી વચ્ચે મોજાની થપાટ લાગતા હોડી પલ્ટી મારી ગઈ હતી. પરિણામે ચારેય માછીમારોને તરતા આવડતુ હોવા છતાં પાણી સામે ઝીંકન ઝીલી શકતા અશોકભાઈ લક્ષ્મીદાસ હોદાર(ઉ.વ.૪૧) તથા રમેશભાઈ દેવાભાઈ મચ્છ(ઉ.વ.૫૨) પાણીમાં ગરકાવ થતા તેઓના મોત નિપજયાં હતાં. જયારે નારણભાઈ પ્રેમજીભાઈ ભાદ્રેચા તથા વેલજીભાઈ ધનજીભાઈ સુખડીયા તરીને માધવપુર કાંઠે પહોંચ્યા હતા. મૃતક પૈકી રમેશભાઈ તો પત્ની અને બે દિવ્યાંગ પુત્રોનો એક માત્ર આધાર હોય, તદન સાધારણ સ્થિતિ ધરાવતા પરિવાર પર આભ તુટી પડ્યાની સ્થિતિ સર્જાઈ છે. બનાવ અંગે જાણ થતાં ઘટના સ્થળે આગેવાનો દોડી ગયા હતા. મૃતકોનું સરકારી હોસ્પિટલે પી.એમ. કરાયું હતું. બનાવને લીધે ખારવા સમાજમાં ગમગીની પ્રસરી ગઈ હતી.

### માં-બાપ માટે લાલબત્તી સમાન કિસ્સો

## માંગરોળમાં જોખમી રીતે ઈ-બાઈક ચલાવતા વાયરલ થયેલ વિડીયોમાં કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરને શોધી તેના પિતા ઉપર કાર્યવાહી કરતી પોલીસ



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળતા.૧૮

નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા સાહેબના માર્ગદર્શન તથા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના અનુસાર પો. સ્ટે વિસ્તારમા કાયદો અને વયવસ્થા જાળવવા સારૂ અસરકારક કામગીરી કરવા જણાવેલ હોય જેથી આ સુચના અનુસંધાને વિભાગીય પોલીસ અધિક્ષક ડી.વી.કોડીયાતર, માંગરોળ વિભાગ, માંગરોળનાઓની સુચના મુજબ પો.સ.ઈન્સ. એસ.એ.સોલંકી માંગરોળપો.સ્ટે. તથા માંગરોળ પો.સ્ટેના પો.હેડ કોન્સઆર.બી. છેલાણા તથા પો.કોન્સ અજયભાઈ ડવ તથા પો.કોન્સ મહિપતસિંહ કાગડા નાઓએ સોશીયલ મિડીયામા ઈ-બાઈક ચલાવતા કાયદાના સંઘર્ષમા આવેલ બાળક અને તેની સાથે નાના બાળકો દ્વિ ચક્રી ઈ-બાઈકમાં ૬(છ) બાળકો ને બેસાડી, બાઈક ચલાવી બાળકોના જીવના જોખમે બેફીકરાઈથી બાઈક ચલાવતો હોય જે બાબતે માંગરોળ સોશીયલ મિડીયામા વાયરલ થયેલ આ વિડીયોમા આવી બાઈક ઉપર પર ૦૬(છ) બાળકો સવાર છે જેમા ડ્રાઈવર બાળક જે પોતે જાણે છે કે આ બાઈકપર અન્ય પાંચ બાળકો ન બેસી શકે તેમ છતા પણ બેસાડી બેફીકરાઈથી જીવના જોખમે ચલાવતો હોય જે અનુસંધાને બાળક ના પિતા જાણતા હોવા છતા તે મારુ બાળક આ રીતેની બેફીકરાઈ થી નાના બાળકોની જીંદગી જોખમાય તે રીતે બેદરકારી થી ગાડી ચલાવે છે તેમ છતા પણ ઈ-બાઈક ચલાવવા આપેલ હોય આ મુજબ નો સોશીયલ મિડીયામા વાયરલ થયેલ વિડીયો અનુસંધાને તપાસ કરતા તે બાળક માંગરોળ તાલુકાના હુસેનાબાદ ગામના રહીશ ઈબ્રાહીમભાઈ મોહમ્મદભાઈ બેરાનો દિકરો હોય જેથી તેની તપાસ કરી બાળકના પિતા પર કાયદેસરની કાર્યવાહી કરી તેના પિતા પર માંગરોળ પોલીસ ગુન્હો દાખલ કરી તેમજ કાયદા ના સંઘર્ષમા આવેલ બાળક વિરુદ્ધ અલગથી કાયદાકીય કારવાહી કરી ઈ-બાઈક કબ્જે કરી ધોરણસર કાર્યવાહી કરેલ છે.

આ કામગીરીમા માંગરોળ પો.સબ ઈન્સ. એસ.એ.સોલંકી તથા જુનાગઢ જીલ્લા હાઈવે પો.સબ ઈન્સ પી.એસ.ઝાલા તથા પો.હેડ કોન્સ આર.બી.છેલાણા તથા પો.કોન્સ કેતનભાઈ રવજીભાઈ મકવાણા પો.કોન્સ મહિપતસિંહ કાગડા તથા પો.કોન્સ.અજયભાઈ ડવ તથા પો કોન્સ જીગ્નેશભાઈ ચાવડા નાઓએ સાથે રહી કામગીરી કરેલ

## 'મારી માટી, મારો દેશ' અભિયાન હેઠળ રાજ્યના તાલુકા કક્ષાના કાર્યક્રમમાં ૧૭મી ઓગષ્ટ એક જ દિવસમાં ૪૯,૦૦૦થી વધુ નાગરિકોએ લીધી પંચપ્રણ પ્રતિજ્ઞા

**દિવસમાં ૧,૬૭,૭૭૯ નાગરિકોએ તિરંગા સાથેની સેલ્ફી અપલોડ કરીને સહભાગિતા નોંધાવી**

**વસુધા વંદન કાર્યક્રમ અંતર્ગત રાજ્યભરમાં ૯,૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરાયું**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૮

આઝાદી કા અમૃત મહોત્સવને યાદગાર તેમજ ભવ્ય બનાવવા ભારતભરમાં 'મારી માટી, મારો દેશ' અભિયાને પૂરવેગ પકડ્યો છે.તા.૯ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં આ અભિયાનને વ્યાપક પ્રતિસાદ મળ્યો છે. તા.૧૬ ઓગસ્ટથી આ અભિયાન અંતર્ગત તાલુકા કક્ષાના કાર્યક્રમોનો હર્ષભેર પ્રારંભ થયો છે. પ્રારંભ સાથે તા.૧૭ ઓગસ્ટના રોજ એક જ દિવસમાં ૪૯,૦૫૫ નાગરિકોએ પંચપ્રણ પ્રતિજ્ઞા લીધી છે, જ્યારે ૪૯,૩૫૯ નાગરિકો ધ્વજવંદન કાર્યક્રમમાં સહભાગી થયા છે. આ ઉપરાંત 'મારી માટી, મારો દેશ' અભિયાનની વેબસાઈટ ઉપર આ દિવસમાં રાજ્યના ૧,૬૭,૭૭૯ નાગરિકોએ તિરંગા સાથેની સેલ્ફી અપલોડ કરીને સહભાગિતા નોંધાવી છે. વસુધા વંદન કાર્યક્રમ અંતર્ગત પણ એક જ દિવસમાં ૯,૩૯૨ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

વીર વંદના હેઠળ ૭૨૯ વીરો-પરિવારોને સન્માનિત કરવામાંઆવ્યા છે જ્યારે ૧૧૩ શિલાફલકમનુંસ્થાપના કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં તાલુકા કક્ષાએ કુલ ૧,૭૧,૯૧૩ નાગરિકોએ ત્રિરંગા સાથે સેલ્ફી અપલોડ કરી છે. ૫૪,૭૨૧ નાગરિકોએ પંચપ્રણ પ્રતિજ્ઞા તેમજ ૫૪,૮૩૬ નાગરિકો ધ્વજ વંદન કાર્યક્રમમાં સહભાગી થયા છે. આ ઉપરાંત ૧૦,૫૯૨ વસુધા વંદનમાં વૃક્ષોનું વાવેતર તથા વીર વંદના હેઠળ ૭૫૮ વીરો-પરિવારોને સન્માનિત કરાયા છે જયારે ૧૨૭ શિલાફલકમનું સ્થાપન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગ્રામ્ય વિસ્તારોમાં 'મારી માટી, મારો દેશ' અભિયાનને સફળતા મળી છેઅને આગામી તા.૨૦ ઓગષ્ટ સુધી તાલુકા સ્તરે આ અભિયાનને સફળ બનાવવા નાગરિકોની સહભાગિતા સાથે વિવિધ કાર્યક્રમો યોજાશે.

## ખંભાળિયા નગરપાલિકામાં રેગ્યુલર જગ્યા ભરાઈ

(કુંજન રાડિયા દ્વારા) જામખંભાળિયા તા.૧૮

ખંભાળિયા નગરપાલિકામાં છેલ્લા ઘણા વર્ષોથી કાયમી એકાઉન્ટન્ટની જગ્યા ખાલી હતી અને અહીં ઈન્ચાર્જ કર્મચારીથી ગાડું ગબડાવવામાં આવતું હતું. દાયકાઓ પૂર્વે વર્ષો સુધી સ્વ. નરેશભાઈ રાડિયા ચીફ એકાઉન્ટ તરીકે ફરજ બજાવતા હતા. તે પછી કોઈપણ નિયમિત અધિકારી લાંબો સમય મુકાયા નથી. આ જગ્યા ઉપર વાંકાનેર નગરપાલિકામાં ફરજ બજાવતા ધવલકુમાર બી. ગોસ્વામીની નિયુક્તિ કરવામાં આવી છે. આ ઉપરાંત સેનેટરી ઈન્સ્પેક્ટરની ખાલી રહેલી જગ્યામાં ધ્રોલ નગરપાલિકામાં ફરજ બજાવતા સંજયભાઈ કરમુરને મૂકવામાં આવ્યા છે. ખંભાળિયાની સેનેટરી ઈન્સ્પેક્ટરની જગ્યામાં પણ અગાઉ કામ ચલાઉ રીતે ત્રણ-ચાર કર્મચારીઓ બદલી ચૂક્યા છે. ત્યારે વર્ષો પછી નગરપાલિકાની બે મહત્વની જગ્યા ઉપર નિયમિત કર્મચારીઓ મુકાયા છે. જે માટે અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના પ્રયાસો સફળ રહ્યા છે.

### જૂનાગઢ તાલુકાના પતરાપસર ગામે ઈલેકટ્રીક શોક લાગતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ તાલુકાના પતરાપસર ગામના નરેન્દ્રભાઈ ભીમાભાઈ ખોડભાયા (ઉ.વ.૪૫) પતરાપસર ગામે એક વાડીમાં પાણી વાળવાનું કામ કરતા હોય જયાં મોટર ચાલું કરવા જતાં ઈલેકટ્રીક શોક લાગતા તેમનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે.

## ખંભાળિયામાં શનિવારે બાળકો માટે આયુર્વેદ નિદાન, સારવાર કેમ્પ

(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળિયા, તા.૧૮

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ આયુષની કચેરી - ગાંધીનગર દ્વારા માર્ગદર્શિત દેવભૂમિ દ્વારકા જિલ્લા આયુર્વેદ શાખાના સંયુક્ત ઉપક્રમે અને ખંભાળિયાની સેવા સંસ્થા લાયન્સ કલબ દ્વારા ખંભાળિયામાં આગામી શનિવાર તારીખ ૧૯ મીના રોજ એક થી બાર વર્ષ સુધીના બાળકો માટે સર્વરોગ નિદાન તથા સારવાર કેમ્પ તેમજ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત અહીંના જલારામ મંદિર ખાતે શનિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી યોજવામાં આવેલા આ કેમ્પમાં નિષ્ણાત તબીબો દ્વારા બાળકોનું આયુર્વેદ પદ્ધતિથી નિદાન કરી, વિના મૂલ્યે સારવાર આપવામાં આવશે. સાથે-સાથે આ કેમ્પમાં યોગ શિબિરનું પણ આયોજન કરાયું છે.

ખંભાળિયાની આયુર્વેદ શાખાના યોગ નિષ્ણાત દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને યોગ અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. કેમ્પ અંગેની વધુ માહિતી માટે આયુર્વેદ શાખાના અમીતભાઈ ગોહેલ (મોબાઈલ નં. ૯૭૨૭૯૯૦૮૯૯) નો સંપર્ક સાધવા તથા નિદાન કેમ્પનો લાભ લેવા દેવભૂમિ દ્વારકા જિલ્લા આયુર્વેદ અધિકારી તથા લાયન્સ કલબની એક યાદીમાં જણાવામાં આવ્યુંછે.

## WHO ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનુ પ્રેરક ઉદબોધન

(પ્રતિનિધિદ્વારા)

ગાંધીનગરતા.૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે WHO ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટના પ્રારંભ અવસરે સ્પષ્ટપણે જણાવ્યું કે, સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાનો ઉપનિષદભાવ ગ્લોબલ સમિટના હેલ્થ એન્ડ વેલબીઈંગ ફોર ઓલના ભાવ સાથે સુસંગત અને ઉપયુક્ત છે. ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટનો પ્રારંભ ગાંધીનગરમાં WHOના વડા ડો. ટેડ્રોસ અધનોમ ગેબ્રિયેસસ, દેશના આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા, કેન્દ્રીય આયુષ મંત્રી સર્વાનંદ સોનોવાલ, કેંદ્રીય આયુષ રાજ્ય મંત્રી ડો. મહેન્દ્ર મુંજપરા, ભુટાનના આરોગ્યમંત્રી કુ. લ્યોંપો દશો દેચેન વાંગ્મો, ગુજરાતના આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, WHOના રિજનલ ડિરેક્ટર્સ ડો. પુનમ ખેત્રપાલ, ડો. વિવિઆન તાતિઆના અને ડો. હંસ ક્લુગેની ઉપસ્થિતિમાં થયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે, ભારતીય સંસ્કૃતિએ સમગ્ર વિશ્વને એક પરિવાર માનીને 'વસુધૈવ કુટુંબકમ' વિચારધારા વિશ્વને આપી છે. એટલું જ નહીં, આ સંસ્કૃતિ હંમેશા સમગ્ર માનવ જાતિના કલ્યાણ અને સારા સ્વાસ્થ્યની પણ કામના કરે છે. મુખ્યમંત્રીએ એમ પણ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંપૂર્ણ માનવ જાતના સારા સ્વાસ્થ્ય માટે ભારતીય ચિકિત્સા પદ્ધતિઓ અને આયુર્વેદ જ્ઞાનની સમૃદ્ધ વિરાસત દેશ અને દુનિયા સમક્ષ ઉજાગર કરી છે. તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન વિશ્વની પીડા ઓછી કરવા માટે પ્રતિબદ્ધ છે અને ૨૧મી સદીના ભારતના અનુભવો તથા જ્ઞાન વિશ્વ સાથે શેર કરીને આગળ વધવામાં વિશ્વાસ રાખે છે. જ્યારે વિશ્વ આખું કોરોના મહામારીના ભયના ઓથારમાં હતું ત્યારે વડાપ્રધાનએ આયુષ-આયુર્વેદ સેક્ટરને વિકસિત કરીને આયુર્વેદીક ઉકાળા, દવાઓ અને અન્ય ઉત્પાદનોથી લોકોની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મોટું પ્રદાન કરેલું છે એમ પણ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, કોરોના પછી દુનિયાભરમાં આયુર્વેદ દવાઓ અને ઉત્પાદનોની માંગ વધી ગઈ છે અને પારંપરિક ચિકિત્સાની સદીઓ જૂની ભારતીય પદ્ધતિઓ આરોગ્ય રક્ષા ક્ષેત્રે રાહબર બની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ગુજરાતમાં WHOના ટ્રેડિશનલ મેડિસિન માટેના ગ્લોબલ સેન્ટરની સ્થાપના માટે જામનગરને પસંદ કરવામાં આવ્યું છે, તેમ પણ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું. ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદ- ITRA જામનગરમાં કાર્યરત થતાં ગુજરાતનું ગૌરવ વધ્યું છે તેનો વિશેષ ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, વિશ્વસ્તરીય હેલ્થ કેર સંસ્થાના રૂપમાં અગ્રેસર આ ITRAમાં ૧૪ વિભાગો અને NABL માન્યતા પ્રાપ્ત ૬ પ્રયોગશાળાઓ કાર્યરત છે. વડાપ્રધાનએ આયુર્વેદ ચિકિત્સા અને ઉત્પાદનોને જે મહત્વ આપ્યું છે તેના પરિણામે આયુષ મંત્રાલય દર વર્ષે ધનવંતરિ જયંતિને રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ તરીકે ઉજવે છે તેની પણ ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી. તેમણે આયુષ ક્ષેત્રમાં ઈન્વેસ્ટમેન્ટ અને ઈનોવેશન્સની અસિમિત સંભાવનાઓની વિસ્તૃત વિગતો આપતા ઉમેર્યું કે, પોષક તત્વો હોય, દવાઓની સપ્લાય ચેઈનનું મેનેજમેન્ટ હોય કે આયુષ આધારિત ડાયગ્નોસ્ટીક ટુલ્સ કે ટેલિમેડિસિન દરેક સેક્ટરમાં ઈનોવેશન અને ઈન્વેસ્ટમેન્ટને અવકાશ છે. વડાપ્રધાનના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ભારતે આયુર્વેદ, યુનાની, હોમિયોપેથી તથા યોગને વૈશ્વિક મંચ ઉપર લઈ જવા આયુષ વિઝા અને આયુષ માર્કની ઘોષણા કરવામાં આવેલી છે એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. તેમણે આવનારા વર્ષોમાં આયુષ સેવાઓનું વિકસતા દેશો સાથે આદાન-પ્રદાન પણ હીલ ઈન ઈન્ડીયા-હીલ બાય ઈન્ડિયા પોલીસી અન્વયે થશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. ભારતની પ્રેસિડેન્સીમાં યોજાઈ રહેલી G-૨૦ શિખર પરિષદ અન્વયે આરોગ્ય મંત્રીઓની બેઠકના ભાગરૂપે પરંપરાગત ચિકિત્સા પદ્ધતિ વિષયે WHOની આ સૌપ્રથમ સમિટ ગાંધીનગરમાં ૧૭ થી ૧૯ ઓગસ્ટ દરમ્યાન યોજાવાની છે. 'તમામ માટે સ્વાસ્થ્ય અને સુખાકારી તરફ'ની થીમ સાથે આયોજિત આ સમિટમાં સ્વાસ્થ્ય સામેના પડકારોનું સમાધાન કરવા અને વૈશ્વિક સ્વાસ્થ્ય અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટમાં પ્રગતિને વેગ આપવા માટે આ પરંપરાગત, પ્રશંસાત્મક અને સંકલિત ચિકિત્સાની ભૂમિકા ઉપર સામૂહિક વિચાર મંથન થવાનુંછે.

## તમાકુનું ઉત્પાદન ન કરવા ડો. ડબાવાલાનો અનુરોધ

(પંકજ ઝીબા દ્વારા)

અમદાવાદ તા.૧૮

હાલ સમગ્ર રાજયમાં દેશના વીર સપૂતોની યાદમાં મારી માટી મારો દેશ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. ત્યારે આ જ કાર્યક્રમ અંતર્ગત 'માટીમાં તમાકુ નહિ ઉગાડીએ, એની બનાવટનું સેવન નહીં કરીએ, ધરતીપુત્ર સહિત લોકોને સમજાવીએ, રોગ, રીબામણ અટકાવી, સુખમય જીવન બનાવીએ'ના સ્લોગન સાથે વ્યસનમુક્ત પુરસ્કર્તા ડો. ડબાવાલાએ તમાકુનું ઉત્પાદન ન કરવા અનુરોધ કર્યો છે.

# શ્રી સોમનાથ મંદિરમાં વિશેષ તૈયારીઓ : શંખ સર્કલથી સોમનાથ તરફનો માર્ગ વન-વે જાહેર કરાયો





### ભક્તો માટે પાર્કિંગ થી મંદિર સુધી નિશુલ્ક વાહન વ્યવસ્થા, વૃદ્ધો માટે મંદિર પરિસરની અંદર ફ્રી-ગોલ્ફ કાર્ટ : ભારે માત્રામાં યાત્રીઓ ઉમટવાનો અંદાજ હોય વધુ માત્રામાં પ્રસાદી અને પૂજાવિધિ કાઉન્ટર ઊભા કરાયા : ઉત્કૃષ્ટ પૂજન અનુભવ માટે સંકીર્તન ભવન ખાતે વિશેષ માળખું ઊભું કરવામાં આવ્યું : યાત્રીઓને સુવિધા માટે નિશુલ્ક ભોજનાલય ની કેપેસિટીનો વિસ્તાર કરવામાં આવ્યો : ભક્તો ૨૧ બિલ્વ પૂજા ઓનલાઈન નોંધાવી પ્રસાદ ઘરે બેઠા મેળવી શકશે

(મિનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૮

ગઈકાલથી શિવભક્તિનો મહાઉત્સવ એવો પવિત્ર શ્રાવણ માસ પ્રારંભ થયો છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથમાં શ્રાવણ માસમાં માનવ મહેરામણ ઉમટશે. દેશ વિદેશથી સોમનાથ મહાદેવના દર્શને લાખો શ્રદ્ધાળુઓ પહોચવાના છે. ત્યારે સોમનાથ ટ્રસ્ટ દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં યાત્રીઓને ઉત્તમ દર્શન અનુભવ પૂરો પાડવા માટે કટિબદ્ધ છે. યાત્રીઓ માટે બહુસ્તરીય વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. રેહવા જમવાની સુવિધાઓથી લઈ દર્શન તેમજ પ્રસાદની વ્યવસ્થા, સિનિયર સિટીઝન અને દિવ્યાંગ ફ્રેન્ડલી સુવિધાઓ સહિતની અનેકવિધ સુવિધાઓમાં શ્રાવણ માસમાં વિશેષ વધારો કરવામાં આવ્યો છે. ગત વર્ષે શ્રાવણ માસ દરમિયાન લાખો શ્રદ્ધાળુઓએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. આ વખતે યાત્રીઓની સંખ્યા ગત વર્ષ કરતાં નોંધપાત્ર માત્રામાં વધવાની સંભાવના છે. સોમનાથ ટ્રસ્ટના અતિથિગૃહના રૂમો નું ઓનલાઈન બુકિંગ માત્ર સોમનાથ ટ્રસ્ટની વેબસાઈટ **somnath.org** ઉપરથી જ થઈ શકશે. શ્રદ્ધાળુઓ પોતાના પ્રવાસ માટે એડવાન્સ બુકિંગ કરી શકે છે. શંખ સર્કલ થી સોમનાથ આવતા માર્ગને જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા હેઠળ વન વે કરવામાં આવ્યો છે. આવનાર વાહનો પાર્કિંગમાંથી પાછળના ભાગે સદભાવના ગ્રાઉન્ડ તરફના માર્ગ ઉપરથી બહાર નીકળશે. પાર્કિંગમાં સોમનાથ ટ્રસ્ટ દ્વારા યાત્રી કેન્દ્ર બનાવવામાં આવશે જ્યાંથી લોકોને સૂચનાઓ તેમજ મંદિર સુધી જવા માટે નિશુલ્ક વાહન વ્યવસ્થા કરી આપવામાં આવશે. સોમનાથ મંદિર ની બહાર સ્વાગત કક્ષ હેલ્પ ડેસ્ક બનાવવામાં આવ્યું છે જે યાત્રીઓને કોઈપણ મદદ માર્ગદર્શન પૂરૂ પાડશે. વૃદ્ધો અને દિવ્યંગો માટે વ્હીલ ચેર પણ પૂરી પાડવામાં આવશે. તેમજ અહીથી સિનિયર સિટીઝન અને દિવ્યાંગ માટે ગોલ્ફ કાર્ટની વ્યવસ્થા પણ પૂરી પાડવામાં આવશે. પ્રવેશ વ્યવસ્થા એ રીતે રાખવામાં આવી છે જેમાં યાત્રીઓને પ્રથમ પોતાનો સમાન કલોક રૂમમાં જમાં કરાવી દર્શનની લાઈનમાં જવાનું રહેશે, તેમજ આ લાઈનમાં જ નિશુલ્ક જૂતાઘર વ્યવસ્થા પણ છે. મંદીરના પ્રવેશ અને નિકાસ માર્ગો પર હાઈ કવોલિટી ટેન્ટ લગાડીને સોમનાથ ટ્રસ્ટ દ્વારા વરસાદ અને તડકાની પરિસ્થિતિમાં યાત્રીઓને અગવડ ન પડે તેની કાળજી રાખી છે. મંદિરમાં જઈ રહેલ લોકો શ્રાવણ માસમાં લોકો ઓમ નમઃ શિવાયની (માળા) જાપ કરી શકે તે માટે દિગ્વિજય દ્વાર સામે મંત્ર જાપ કુટીર ની વ્યવસ્થા સરદાર પ્રતિમા નજીક ગોઠવવામાં આવેલ છે. પ્રવેશ અને નિકાસ બન્ને રસ્તે શ્રધ્ધાળુઓ ને પીવાના પાણી માટે ફિલ્ટર પાણીના પરબ પણ ગોઠવવામાં આવ્યા છે. આ શ્રાવણ માસમાં આવતા તમામ યાત્રિકો માટે શ્રી સોમનાથ ટ્રસ્ટના કર્મચારીઓ અને સુરક્ષા કર્મીઓ, પોલીસ સ્ટાફ, એસ.આર.પી તરફથી વર્તનમાં "અતિથિ દેવો ભવઃ"નું સુત્ર ચરિતાર્થ થાય તે માટે સંકલન કરીને મંદિરમાં રેહનાર તમામ સ્ટાફને શાલીન વર્તન અંગે સૂચના આપવામાં આવી છે. શ્રાવણ માસ દરમ્યાન દરરોજ ભગવાન સોમનાથ મહાદેવને વિશિષ્ટ શૃંગારો અનુસાર અલગ-અલગ શણગાર કરવામાં આવશે. આ શૃંગારના નિયત કરેલ ન્યોછાવર રાશિ ટ્રસ્ટની વેબસાઈટ પરથી ઓનલાઈન તેમજ પૂજાવિધિ કાઉન્ટર ઉપર આપી ભક્તજનો યજમાન બનવાનો લાભ લઈ શકશે. સોમનાથ મહાદેવની ધ્વજા પૂજા, પાઘ પૂજા, માર્કન્ડેય પૂજા, કાલસર્પ યોગ નિવારણ વિધિ, સુવર્ણ કળશ પૂજન જેવી પૂજાના અનુભવને એક સ્તર ઉપર લઈ જવાં માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ વખતે પ્રથમ વખત મંદિરના સંકીર્તન ભવન ખાતે સ્વતંત્ર પૂજા માળખું વિકસાવ્યું છે. જેમાં પૂજા નોંધણી, સ્લોટ અનુસાર પૂજા કાર્યક્રમ અને **s.o.p** હેઠળ આયોજન કરવામાં આવ્યા છે. જેના માટે વિશેષ અધિકારી કર્મચારીનો સ્ટાફ ફાળવવામાં આવેલ છે. શ્રાવણમાસ દરમ્યાન ટ્રસ્ટની યજ્ઞશાળામાં મહામૃત્યુંજય યજ્ઞમાં નજીવી ન્યોછાવર રાશિથી ભાવિકો હોમ કરી યજ્ઞનો લાભ લઈ શકશે. તેમજ શ્રાવણ માસ દરમિયાન ભક્તો ઘરે બેઠા માત્ર ૨૧માં ઓનલાઈન બિલ્વ પૂજા નોંધાવી શકશે જેનો પ્રસાદ ભક્તોને પોસ્ટ મારફત ઘરે બેઠા પહોંચાડવામાં આવશે. શ્રાવણ માસ દરમ્યાન ભક્તો સોશ્યલ મીડીયાના માધ્યમથી પણ નિયમિત દર્શન અને આરતીનો લ્હાવો લઈ શકે તે માટે ટ્રસ્ટના ફેસબુક @ **Somnath Temple Official,** ટ્વીટર @ **Somnath_ Temple,** યુટ્યુબ **Somnath Temple-Official Channel,** ઈન્સ્ટાગ્રામ **@Somnath Temple Official,** વોટ્સએપ તથા ટેલીગ્રામમાં ૯૭૨૬૦ ૦૧૦૦૮-સોમનાથ યાત્રા મોબાઈલ એપ્લીકેશન-ટ્રસ્ટની વેબસાઈટ **WWW. SOMNATH. ORG** ઉપરથી મળી રહે તે માટે મંદિર અને આઈટી ટીમ દ્વારા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે. સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન શ્રી સોમનાથ ટ્રસ્ટ, નગરપાલીકા, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સંયુક્ત ઉપક્રમે રાત્રી સફાઈની વ્યવસ્થા ગોઠવાશે. આવનાર યાત્રીકો પવિત્ર યાત્રાધામમાં કચરો યોગ્ય જગ્યાએ કચરાપેટીમાં નાખી સ્વચ્છતા જાળવવા સહભાગી બને તેવી અપીલ કરવામાં આવે છે. શ્રાવણ માસ દરમ્યાન સમગ્ર વ્યવસ્થા તેમજ આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન ટ્રસ્ટના સેક્રેટરી યોગેન્દ્રભાઈ દેસાઈ ના માર્ગદર્શન હેઠળ સમગ્ર ટ્રસ્ટ પરિવાર દ્વારા કરવામાં આવેલ છે. શ્રાવણ માસ દરમ્યાન વ્યવસ્થામાં રાખવામાં આવેલ પોલીસકર્મીઓ એસઆરપીના જવાનો તેમજ અધિકારીઓ દ્વારા સુરક્ષા વ્યવસ્થા સારી રીતે આયોજનબદ્ધ ગોઠવેલ છે. શ્રાવણ માસ દરમ્યાન સ્વચ્છતા, યાત્રીસુવિધા, ટ્રાફીક નિયમન વિગેરે જળવાય તેમજ દેશ પરદેશથી આવતા યાત્રીકોને શાંતિપુર્ણ રીતે દર્શન થાય તેવી વ્યવસ્થા સ્થાનીક જીલ્લા વહિવટી તંત્ર, જીલ્લા પોલિસ તંત્ર, નગરસેવા સદનના સહયોગથી ગોઠવવામાં આવેલ છે. શ્રાવણના પ્રથમ દિવસે શ્રાવણ સુદ એકમ તા.૧૭-૮-૨૦૨૩ ગુરૂવારના રોજ સવારે ૭:૩૦ મહામૃત્યુંજય યજ્ઞ પ્રારંભ કરવામાં આવ્યો હતો. તેમજ સવારે ૭:૪૫ વાગ્યે સવાલક્ષ બિલ્વપૂજા પ્રારંભ થશે સવારે ૮:૦૦ વાગ્યે નુતન ધ્વજારોહણ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત નીચે મુજબના દિવસોમાં શ્રાવણ સોમવાર તથા તહેવારોના દિવસોમાં શ્રી સોમનાથ મંદિર તથા શ્રી અહલ્યાબાઈ મંદિર સવારે ૪ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

### તારીખ તીથી દિવસ-તહેવાર

તા.૨૦/૦૮/૨૦૨૩ શ્રાવણ સુદ ચોથ પ્રથમ રવિવાર
તા.૨૧/૦૮/૨૦૨૩ શ્રાવણ સુદ પાંચમ પ્રથમ સોમવાર
તા.૨૭/૦૮/૨૦૨૩ શ્રાવણ સુદ અગીયારસ દ્વિતીય રવિવાર
તા.૨૮/૦૮/૨૦૨૩ શ્રાવણ સુદ બારસ દ્વિતીય સોમવાર
તા.૩૧/૦૮/૨૦૨૩ શ્રાવણ સુદ પુર્ણિમાં રક્ષાબંધન
તા.૦૩/૦૯/૨૦૨૩ શ્રાવણ વદ ચોથ તૃતિય રવિવાર
તા.૦૪/૦૯/૨૦૨૩ શ્રાવણ વદ પાંચમ તૃતિય સોમવાર
તા.૦૭/૦૯/૨૦૨૩ શ્રાવણ વદ આઠમ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી
તા.૧૦/૦૯/૨૦૨૩ શ્રાવણ વદ અગીયારસ ચતુર્થ રવિવાર
તા.૧૧/૦૯/૨૦૨૩ શ્રાવણ વદ બારસ ચતુર્થ સોમવાર
તા.૧૫/૦૯/૨૦૨૩ શ્રાવણ વદ અમાસ અમાસ

### હર ઘર તિરંગા અંતર્ગત અંદાજીત ૪૭૦૦ રાષ્ટ્રધ્વજ વિતરણ કરાયા

# દૂધ ઉત્પાદકોની સેવા થકી દેશની ઉન્નતિમાં ફાળો આપીએ માહી ડેરી દ્વારા દેશના ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

### હર ઘર માહીના નારા સાથે દૂધ ઉત્પાદકોની આર્થિક સ્થિતિ મજબૂત કરવા અપીલ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૮

હર ઘર તિરંગાની સાથેહર ઘર માહીના નારાને અમલમાં મૂકી ઘરે ઘરે માહીના દૂધ અને તેના ઉત્પાદનો પહોંચાડીને દૂધ ઉત્પાદકોની - કિસાનોની સેવા થકી તેમની આર્થિક સ્થિતિ મજબૂત કરી દેશની ઉન્નતિમાં ફાળો આપીએ. તેમ દેશના ૭૭માં સ્વાતંત્ર્યદિન નિમિત્તે ધ્વજવંદન બાદ માહી ડેરીના ચીફ એકિઝક્યુટિવ ડો. સંજય ગોવાણીએ અપીલ કરી કર્મચારીઓને તેમની ક્ષમતા મુજબનું યોગદાન આપવા હાકલ કરી હતી. માહી ડેરીના ખંઢેરી ખાતે આવેલા કેટલફીડ પ્લાન્ટના વિશાળ મેદાનમાં ૧૫મી ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદન કરી ડેરીના કર્મચારીઓ દ્વારા ભવ્યઉજવણી કરવામાં આવી હતી. ડેરીના ચીફ એકિઝક્યુટીવ ડો. સંજય ગોવાણીના માર્ગદર્શન હેઠળ મુખ્ય કચેરીના કર્મચારીઓએ





રાષ્ટ્રગીત ગાઈ તિરંગાને સલામી આપી હતી. આ પ્રસંગે માહી ડેરીના ચીફ એકિઝકયુટિવ ડો. સંજય ગોવાણીએ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેનાર નામી અનામી સ્વાતંત્ર્ય વીરોના બલિદાન એળે ન જાય તે માટે સૌને રાષ્ટ્રીય એકતા જાળવી રાખવા અનુરોધ કર્યો હતો. તેમણે ડ્રગ્સ અને વ્યસનોની વધી રહેલી બદી પ્રત્યે ચિંતા વ્યકત કરીને યુવાનો, વિદ્યાર્થીઓને તેનાથી દૂર રાખવા અપીલ પણ કરી હતી. તેમણે માહીના ઉત્પાદનોને ઘરે ઘરે પહોંચાડવા મેરા દૂધ-માહી દૂધ અને હર ઘર માહીનો નારો આપ્યો હતો અને જય જવાન જય કિસાનના સૂત્રને સાર્થક કરવા કિસાનોની આર્થિક સ્થિતિ સુધારવા કર્મચારીઓને હાકલ કરી હતી. તેમણે ડેરીના સભાસદો, પશુપાલકો વગેરેની સેવા થકી દેશની ઉન્નતિમાં ફાળો આપવા પણ કર્મચારીઓને અપીલ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે માહી ડેરી દ્વારા તમામ કર્મચારીઓ, ૨૫૦૦થી વધુ દૂધ એકત્રીકરણ કેન્દ્રો, ૧૫૦૦થી વધુ વિતરકોને હર ઘર તિરંગા અભિયાન હેઠળ ૪૭૦૦ રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિવિધ જિલ્લાઓમાં આવેલી માહી ડેરીની કચેરીઓ ખાતે પણ સ્વાતંત્ર્ય દિનની આન, બાન અને શાન સાથે ઉજવણી કરવામાં આવી હતી. ૭૭માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી દરમ્યાન રાષ્ટ્ર ગાન સાથે તિરંગાને સલામી આપ્યા બાદ રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત રહેવા કર્મચારીઓએ પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી.

# ચોથા સ્ટેજના કેન્સરના દર્દીઓ માટે ઈમ્યુનો થેરાપી તથા ટાર્ગેટેડ થેરાપી આર્શીવાદરૂપ

### ટાર્ગેટેડ થેરાપી એ પરમાણુ સ્તરે કેન્સર માટે જવાબદાર જનીનીક ફેરફારો સામે કાર્ય કરે છે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૮

રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ)ના નિષ્ણાંત ઓંકોલોજીસ્ટ ડો.અદિતિ થાનકીએ કેન્સરની સારવાર વિશે મહત્વપુર્ણ માહિતી આપતા જણાવેલ કે કેન્સર એટલે કેન્સલ એ વાત આજના યુગમાં જુનવાણી થઈ ચુકી છે. અદ્યતન કીમોથેરાપી (ડોઝ), ઈમ્યુનો થેરાપી અને ટાર્ગેટેડ થેરાપીની મદદથી પ્રાણઘાતક એવા ચોથા સ્ટેજના કેન્સરના દર્દીઓના પણ રોગના લક્ષણોમાં રાહત આપી શકાય છે અને તેમના આયુષ્યમાં મહદંશે સુધારો કરી શકાય છે. કીમોથેરાપી એ કેન્સરના કોષોનો નાશ કરતી દવાઓ છે. જે ગોળી કે ઈન્જેકશનના રૂપમાં આપવામાં આવે છે. સર્જરીની પહેલા અપાતી સહાયક કીમોથેરાપી ગાંઠને હળવી કરી તેને શસ્ત્રક્રિયા માટે અનુકુળ બનાવે છે. જયારે સર્જરી પછી અપાતી સહાયક કીમોથેરાપી સુક્ષ્મસ્તરે રહેલા કેન્સરના કોષોનો નાશ કરી ભવિષ્યમાં દર્દનો ઉથલો મારવાની શકયતાને ઘટાડે છે અને નવીન પ્રિમેડીકેશન્સના ઉપયોગથી આ દવાઓ સાથે સંકળાયેલી આડ અસરોને ખુબ ઓછી કરી શકાય છે. જો કે અમુક કેન્સરની સારવારમાં "હાઈ ડોઝ" કીમોથેરાપીની જરૂરીયાત રહે છે. જેની આડઅસરની યોગ્ય સમયે યોગ્ય સારવાર જરૂરી હોય છે. જેમાં આઈ.સી.યુ.ની સારવારનો પણ સમાવેશ થાય છે. આ સગવડોના વિકાસથી આવા જીવલેણ કેન્સરની સારવારથી મળતા પરિણામોમાં ઘણો સુધારો થઈ શકયો છે. ઈમ્યુનોથેરાપી એ શરીરના રોગ પ્રતિકારક કોષોને કેન્સર સામે લડવા માટે સક્ષમ બનાવે છે. જેનો ઉપયોગ પ્રતિદિન વધી રહયો છે. ટાર્ગેટેડ થેરાપી એ પરમાણુ સ્તરે કેન્સર માટે જવાબદાર જનીનીક ફેરફારો સામે કાર્ય કરે છે, જેથી શરીરના સામાન્ય કોષોને ઓછી ઈજા થાય છે. આ બધી જ પધ્ધતીઓનો બહોળો ઉપયોગ સમાજના દરેક સ્તરના દર્દીઓ માટે થઈ શકે એ આજના સમયની જરૂરીયાત છે. જે માટે સરકારની યોજનાઓ અને સામાજીક સંસ્થાઓ ભાગ ભજવી રહી છે. આ સર્વે



સારવારો નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમાં રાહતદરે ઉપલબ્ધ છે. ડો. અદિતિ થાનકીએ ડી.એમ.ઓંકોલોજી બેંગલોરની ખ્યાતનામ કીડવાઈ ઈન્સ્ટીટયુટથી કરેલ છે તથા કેન્સરની સારવારમાં સાત વર્ષથી પણ વધુ સમયનો બહોળો અનુભવ ધરાવે છે. જેમાં મુંબઈની ટાટા મેમોરીયલ હોસ્પિટલનો પણ સમાવેશ થાય છે તથા તેઓ હાલ નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલમા ફુલટાઈમ મેડીકલ ઓંકોલોજીસ્ટ તરીકે ફરજ બજાવે છે.

# શબીના એપાર્ટમેન્ટ ખાતે ધ્વજવંદન કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

આ વર્ષે આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે મંદિર, મસ્જિદ, કબ્રસ્તાન, પહાડ, જંગલ સહિત વિવિધ જગ્યાએ તિરંગો લહેરાવવાની એક આગવી પરંપરા ઊભી કરનાર મધુર સોશ્યલ ગ્રુપના પ્રમુખ સલીમભાઈ ગુજરાતીએ આ વર્ષે હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત પોતાના નિવાસ્થાન શબિના એપાર્ટમેન્ટ ખાતે શિક્ષક ઈમરાનભાઈ સોરઠીયાના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. આ કાર્યક્રમમાં બાળકોને રાષ્ટ્ર ધ્વજ અને રાષ્ટ્ર પ્રત્યેની સમજણ તેમના દ્વારા આપવામાં આવી હતી.



બાળકોએ રાષ્ટ્રધ્વજને સલામી આપી, રાષ્ટ્રગીત સાથે સ્વતંત્ર પર્વની ઉજવણી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુફિયાનભાઈ પટની દ્વારા કરાયું હતું.

### ફૂડ ફોર હંગરના ડાયરેક્ટર અને ઉદ્યોગપતિ લાયન મગનભાઈ એચ. પટેલ

# લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨-B૧ના સ્પેશિયલ એવોર્ડથી સન્માનિત



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૮

લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨-B૧ દ્વારા વિશિષ્ઠ સેવાકીય કામગીરીને બિરદાવવાબદલ એવોર્ડસેરિમનીનું આયોજન ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસે હોટલ હયાત, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ફૂડ ફોર હંગરના ડાયરેકટર, ઉદ્યોગપતિ તેમજ સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, શામ સેવા ફાઉન્ડેશન અને ઓલ ઈન્ડિયા **MSME** ફેડરેશનનાં પ્રમુખ લાયન મગનભાઈ એચ.પટેલ (**MJF,PMJF**)ને "ભૂખ્યાને ભોજન" કાર્યક્રમ અંતર્ગત સમાજમાં સુંદર કામગીરી કરવા બદલ લાયન્સ કલબના પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન ભરતભાઈ છાજેડના હસ્તે સ્પેશિયલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે-સાથે તેઓને લાયન્સ કલબ ઈન્ટરનેશનલના પ્રમુખ **Brian E.Sheehan** તેમજ પૂર્વ આંતરરાષ્ટ્રીય પ્રમુખ **"Kajit 'KJ' Habanananda"** તરફથી **The Global Action Team Honors** માટે **Certificate of Appreciation** પણ એનાયત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨-B૧ના પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન રસિકભાઈ પટેલ તરફથી પણ મગનભાઈ એચ. પટેલને સમાજ ઉપયોગી ઉત્કૃષ્ઠ કામગીરી કરવા બદલ **Certificate of Appreciation** એનાયત કરવામાં આવ્યું હતું.

# રૂગનાથજી હવેલી ખાતે છાક મનોરથ યોજાયા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

હવેલીઓમાં વિવિધ પ્રકારના મનોરથ દર્શન થતા હોય છે જે અંતર્ગત જૂનાગઢમાં ગંધ્રપવાડા વિસ્તારમાં આવેલ રૂગનાથજી હવેલી ખાતે અધિક અમાસ નિમિત્તે મુખયાજી આરતીબેન અને હિતેશભાઈ પુરોહિતના માર્ગદર્શન નીચે ઠાકોરજીના છાક મનોરથ ઉત્સવના દર્શન કરાયા હતા. ઝૂંપડીમાં બિરાજમાન ઠાકોરજીને વિવિધ પ્રકારના ભોગ ધરવામાં આવ્યા હતા. જેના મોટી સંખ્યામાં વૈષ્ણવોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# નીજ શ્રાવણ મહિનાનો પ્રારંભ શ્રાવણ મહિનાની શિવ પૂજાનું મહત્વ તથા ચારેય સોમવારની પૂજા

શ્રાવણ માસનો પ્રારંભ થયો છે. ૧૫-૯-૨૩ને શ્રાવણ માસની પૂર્ણાહુતી થશે. પૌરાણિક કથા પ્રમાણે સનત કુમારો શિવજીને પૂછે છે કે શ્રાવણ મહિનો જ શિવપૂજા માટે શા માટે ઉત્તમ ત્યારે શિવજી પોતે કહે છે કે શ્રાવણ મહિનાના દિવસો દરમ્યાન માતા પાર્વતીએ શિવજીને મેળવવા માટે તપસ્યા કરી હતી અને માતા પાર્વતી ને શિવજી પ્રસન્ન થયા હતા અને શિવજીએ માતા પાર્વતી સાથે વિવાહ કર્યા હતા. આથી શ્રાવણ મહિનો શિવ પૂજા માટે તે દિવસથી મહત્વનો ગણવામાં આવે છે. શ્રાવણ મહિનામાં શિવ પૂજા કરવાથી શિવજી જલ્દી પ્રસન્ન થાય છે. ચારેય સોમવારે શિવલિંગ ઉપર આ પ્રમાણે એક મુઠ્ઠી ધાન્ય ચઢાવવાથી મનોકામના પૂર્ણ થાય છે અને શિવમૂષ્ટી પૂજા કહેવામાં આવે છે. આ પૂજાનો પંચાંગ તથા પુરાણમાં ઉલ્લેખ છે. (૧) તા.૨૧-૮-૨૩ પહેલા સોમવારે શિવજી ઉપર એક મુઠ્ઠી ચોખા ચડાવવા, (૨) તા.૨૮-૮ -૨૩ બીજા સોમવારે શિવજી ઉપર એક મુઠ્ઠી કાળા તલ ચડાવવા, (૩) તા.૪-૯-૨૩ ત્રીજા સોમવારે શિવજી ઉપર એક મુઠ્ઠી મગ ચડાવવા, (૪) તા.૯-૯-૨૩ ચોથા સોમવારે શિવજી ઉપર એક મુઠ્ઠી જવ ચડાવવા, આમ ચારેય સોમવાર ધાન્યથી પૂજા કરવાથી જીવનમાં શાંતિ મળે છે અને પ્રગતિ થાય છે. શિવલિંગની પૂજા કરવાથી બ્રહ્મા વિષ્ણુ મહેશ ત્રણેય દેવતાઓની પૂજાનું ફળ મળે છે. શિવલીંગની પુજા કરવાથી બ્રહ્મા-વિષ્ણુ મહેશ ત્રણેય દેવતાની પુજાનું ફળ મળે છે. શ્રાવણ મહિનામાં શિવજીની ભકિત તથા વિષ્ણુ ભગવાનની ભકિત કરવાથી તમામ દુઃખમાંથી ઉગરી જવાય છે. શિવજી નિરાકાર હોવાથી શિવજીની પુજા કરવામાં આવે છે. જાણો શિવજીની પુજા કરવામાં ત્રણેય દેવતાની પુજા આવી જાય છે. શિવલીંગની પુજા કરવાથી બ્રહ્મા વિષ્ણુ, મહેશ ત્રણેય દેવતાની પુજાનું ફળ મળે છે. કારણ કે શિવલીગના ત્રણ ભાગ માં વેચાયેલું છે. તે શ્લોક પણ આ પ્રમાણે છે. મુલતો બ્રહ્મરૂપાય મધ્યતો વિષ્ણુ રૂપિણે અગ્રત શિવરૂપાય આમ શિવલીંગના ત્રણ ભાગમાં વહેચાયેલું છે. એટલે કે સૌથી નીચેનો ભાગ બ્રહ્મા મધ્યમાં વિષ્ણુ અને સૌથી ઉપર શિવજીનો વાસ શિવલીંગ છે. એવી રીતે શિવલીંગની પુજા ઉપાસના કરવાથી ત્રણેય દેવતાની પુજા થઈ જાય છે . જયારે રક્ષાબંધન તા. ૩૦-૮-૨૩ને બુધવારે અને જન્માષ્ટમી તા.૭-૯-૨૦૨૩ના છે.

- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

સૌરાષ્ટ્રભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ભારત - ચીને ખુલ્લા દિલે સીમા વિવાદ ઉકેલની પહેલ કરવી જોઈએ

ચીન સાથે ભારતના સીમા વિવાદનું હલ બંને દેશોના હિતમાં છે. જૂન ૨૦૨૦માં થયેલ ગલવાન ઘટના બાદથી ભારત અને ચીન વચ્ચે સીમા પર સતત તણાવ છે. ૧૮ દોરની કમાંડર વાર્તા બાદ પણ કોઈ હલ નથી નીકળી શક્યું. વિદેશ મંત્રી એસ.જયશંકરે કહ્યું કે ભારત અને ચીને પાછલાં ત્રણ વર્ષમાં પૂર્વ લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ટકરાવવાળા પાંચ-છ બિંદુઓ પર મંત્રણા દ્વારા પ્રગતિ કરી છે, તથા બાકીના મુદ્દાઓને હલ કરવાનો પ્રયાસ કરાઈ ર્યો છે. સીમા પર ચીની સૈન્ય ગતિવિધિઓને લઈને સરકાર સતત વિપક્ષની ટીકા સહન કરી રહી છે. વિપક્ષ સંસદ અને સંસદની બહાર સરકાર પર આરોપ લગાવતો રહ્યો છે કે સરકાર ચીન સાથે સીમા વિવાદ હલ કરવામાં નિષ્ફળ રહી છે, સીમા પર ચીની અતિક્રમણ વધ્યું છે.

વિદેશ મંત્રી એસ.જયશંકરે એટલા માટે સ્થિતિ સ્પષ્ટ કરી કે પૂર્વ લદ્દાખમાં વિવાદને હલ કરવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે અને બંને પક્ષ સમાધાન શોધવા પર કામ કરી રહ્યા છે. એ સારો સંકેત છે. અસલમાં ભારત અને ચીન વચ્ચે પૂર્વ લદ્દાખમાં ટકરાવનાં કેટલાંક બિંદુઓ પર ત્રણ વર્ષથી વધુ સમયથી ગતિરોધ ચાલુ છે. બંને પક્ષોએ વ્યાપક કૂટનીતિક અને સૈન્ય વાર્તા બાદ કેટલાય વિસ્તારોથી સૈનિકોને પાછા પણ બોલાવ્યા છે. તેમ છતાં એલએસી પર સૈન્ય તણાવ યથાવત છે. તેનો હલ જરૂરી છે.

હાલમાં ચીની વલણમાં પણ બદલાવ આવ્યો છે, ચીન તરફથી ભારત સાથે સંબંધો બહેતર કરવાના પ્રયાસ ઝડપી થયા છે. ચીની વિદેશ મંત્રી ભારતના પ્રવાસે આવ્યા, એસસીઓ, બ્રિક્સ બેઠકોમાં ભારત અને ચીનના નેતાઓની બોડી લેંગ્વેજ સકારાત્મક રહી છે. ભારતમાં સપ્ટેમ્બરમાં આયોજિત જી-૨૦ની મુખ્ય બેઠકમાં પણ ચીની રાષ્ટ્રપતિ જિનપિંગ ભાગ લેવાના છે. ભારત પણ શાંતિનું પક્ષધર છે અને ચીન સાથે સીમા વિવાદ ઉકેલવા માંગે છે. ભારત અને ચીન વચ્ચે લગભગ ૩૪૮૮ કિલોમીટરની સરહદ છે, પંરતુ સીમાને લઈને ભારત અને ચીનના પોતપોતાના દાવાને કારણે વિવાદ યથાવત છે.

સીમા પર ચીનની હરકતોને કારણે ભારતે હંમેશાં સતર્ક રહેવું પડે છે. ચીન સીમા પર વિવાદને જન્મ આપીને બીજા દેશોની જમીન હડપવાની પોતાની જૂની ચાલ દોહરાવી રહ્યું છે. ચીન પોતાની ભૌગોલિક વિસ્તારવાદી મહત્ત્વકાંક્ષાને કારણે પણ સીમા વિવાદને હલ કરવામાં રુચિ નથી દેખાડી રહ્યું. કારણ કે ભારત સાથે અનેક વખત મંત્રણા બાદ પણ ચીન સીમા પર એક મંતવ્ય નથી સ્થાપી શક્યું, જ્યારે ભારત સાથે સીમા વિવાદ હલ થવાથી ચીનનો પણ ફાયદો જ છે. કારણ કે ભારત અને ચીન વચ્ચે પરસ્પર વેપાર ચીનના પક્ષમાં છે. તેનો મતલબ એ થયો કે ભારત જેટલી ચીનને નિકાસ કરે છે તેનાથી વધુ તેની પાસેથી આયાત કરે છે. ચીને પોતાની લશ્કરી શક્તિનો દુરુપયોગ પડોશી દેશો સાથે સીમા વિવાદને જન્મ આપવામાં કર્યો છે.

પૂર્વ લદ્દાખમાં ગલવાનની ઘટનાએ ચીની દુર્ભાવનાને ઉજાગર કરી છે. ભારત સાથે તે ક્યારેય ભરોસેમંદ નથી રહ્યું. મજબૂર થઈને ભારતે ચીન સાથે વેપાર ઘટાડવા માંડ્યો છે અને સીમા પર બુનિયાદી માળખું વિકસિત કરી રહ્યું છે. ચીને જોઈએ કે તે ભારત સાથે સાચા મનથી સીમા વિવાદ ઉકેલે, તે જ બંનેના હિતમાં છે અને તે ભારતની સ્વતંત્ર વિદેશ નીતિ અને કૂટનીતિનું સન્માન કરે. યુએનમાં પોતાનો વીટો પાવરનો દુરુપયોગ ભારત વિરુદ્ઘ ન કરે અને ચીન ભરોસેમંદ રાષ્ટ્ર બને.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

મોટી મોટી ભૂલોના મૂળમાં અહંકાર રહેલો છે

- રસ્કિન

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ સુદ-૨ જીવન્તિકા પૂજન, મહાલક્ષ્મી સ્થાપન/પૂજન તા.૧૮ઓગષ્ટ ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૧, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, શિવ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૨૯, સૂ.અ.૭:૨૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), પરોઢે ૫:૪૧ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : કૌટુંબિક પ્રશ્નો ગુંચવાય. મનમાં મુંઝવણ અનુભવાય.
વૃષભ : પુરૂષાર્થનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. તબિયત સંભાળવી.
મિથુન : ધીરજના ફળ મીઠા મળે. પ્રવાસથી લાભ થાય.
કર્ક : દિવસ પ્રગતિકારક વ્યતિત થાય. મનની મૂંઝવણ દૂર થાય.
સિંહ : સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે. વેપારી વર્ગને લાભ થાય.
કન્યા : વ્યર્થ માનસિક અશાંતિ અનુભવાય ગૃહવિવાદના ભોગ બનવું પડે.
તુલા : માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. વડીલ વર્ગથી લાભ થાય.
વૃશ્ચિક : નવિન ખરીદીના યોગ છે. માનસિક તનાવમાં હળવાશ અનુભવાય.
ધન : નવું આર્થિક આયોજન સફળતાથી પાર પાડી શકશો. વ્યર્થ દોડા-દોડી રહે.
મકર : મહત્વની સમસ્યાનો ઉકેલ મળે. માનસિક અશાંતિ રહે.
કુંભ : નવિન લાભની તક સાંપડે. અગત્યના કાર્યમાં પ્રગત્તિ થાય.
મીન : લાભની આશા ઠગારી નીવડે. શત્રુઓ પ્રબળ બને.

## G20 ભારતનું પ્રમુખપદ

# ગાંધીનગરમાં જી-૨૦ આરોગ્ય મંત્રીની બેઠકના ભાગરૂપે પરંપરાગત ચિકિત્સા પર ડબ્લ્યુએચઓની સૌપ્રથમ ગ્લોબલ સમિટનું ઉદઘાટન કરવામાં આવ્યું



ગાંધીનગર તા.૧૭

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "પરંપરાગત ચિકિત્સા માટે વૈશ્વિક શિખર સંમેલન આશાની દીવાદાંડીનું કામ કરે છે, જે સ્વાસ્થ્ય અને સુખાકારી માટે સંપૂર્ણ અભિગમને પ્રોત્સાહન આપે છે. પ્રાચીન જ્ઞાન અને આધુનિક વિજ્ઞાનને અપનાવીને આપણે 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'ની નીતિને પ્રોત્સાહન આપવાની સાથે-સાથે સ્વાસ્થ્ય સાથે સંબંધિત સ્થાયી વિકાસ લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવાની દિશામાં સંયુક્તપણે કામ કરી શકીએ છીએ." એમ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો.મનસુખ માંડવિયાએ કેન્દ્રીય આયુષ મંત્રી શ્રી સર્વાનંદ સોનોવાલ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને વિશ્વ આરોગ્ય સંગઠનના મહાનિદેશક ડો.ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસની ઉપસ્થિતિમાં વિશ્વ આરોગ્ય સંગઠનના મહાનિદેશક ડો.ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસે પરંપરાગત ચિકિત્સા માટે ડબલ્યુએચઓની સૌપ્રથમ ગ્લોબલ સમિટનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું. આયુષ મંત્રાલય દ્વારા સહ-સંચાલિત, આ સમિટ ૧૭ થી ૧૯ ઓગસ્ટ દરમિયાન ગુજરાતના ગાંધીનગરમાં ચાલી રહેલી જી -૨૦ આરોગ્ય પ્રધાનોની બેઠકના ભાગરૂપે કો-બ્રાન્ડેડ ઈવેન્ટ છે. આ ઉદઘાટન સમારંભમાં આયુષ રાજ્યમંત્રી ડો. મુંજપરા મહેન્દ્રભાઈ કાળુભાઈ, ગુજરાતના આરોગ્ય મંત્રી શ્રી રૂષિકેશ પટેલ, ભૂતાનના આરોગ્ય મંત્રી સુશ્રી લોન્પો દાશો ડેશેન વાંગમો અને નેશનલ ડાયરેક્ટર ઓફ પૈતૃક ટ્રેડિશનલ મેડિસિન, બોલિવિયા સુશ્રી વિવિયન ટી. કામાચો હિનોજોસા પણ ઉપસ્થિત રહ્યા હતા.

૧૭થી ૧૮ ઓગસ્ટ દરમિયાન બે દિવસ ચાલનારી આ સમિટની થીમ "તમામ માટે સ્વાસ્થ્ય અને સુખાકારી તરફ" હશે, જેમાં સ્વાસ્થ્ય સામેનાં પડકારોનું સમાધાન કરવા અને વૈશ્વિક સ્વાસ્થ્ય અને સ્થાયી વિકાસમાં પ્રગતિને વેગ આપવા માટે પરંપરાગત પ્રશંસાત્મક અને સંકલિત ચિકિત્સાની ભૂમિકા ચકાસવામાં આવશે.

ટ્રેડિશનલ મેડિસિન પર સૌપ્રથમ ગ્લોબલ સમિટના પ્રસંગે ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે, "આ ગ્લોબલ સમિટ પરંપરાગત અને પૂરક ઔષધિઓના ક્ષેત્રમાં સંવાદ, વિચારનું આદાન-પ્રદાન, જોડાણ અને આંતરરાષ્ટ્રીય ભાગીદારી માટે એક વિશિષ્ટ પ્લેટફોર્મ પ્રસ્તુત કરે છે. સદીઓથી, પરંપરાગત અને પૂરક દવાઓએ વ્યક્તિગત અને સામુદાયિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આધુનિક સમયમાં પણ, કુદરતી અને હર્બલ-આધારિત ફાર્માસ્યુટિકલ્સ અને કોસ્મેટિક્સની માંગ પરંપરાગત ઉપચાર પદ્ધતિઓના કાયમી મહત્વ પર ભાર મૂકે છે."

ગુજરાતના પ્રતિનિધિઓ અને મંત્રીઓને આવકારતા ડો. માંડવિયાએ જણાવ્યું હતું કે, "રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું નામ ધરાવતું શહેર ગાંધીનગર આ પ્રતિષ્ઠિત સમિટ માટે યોગ્ય પૃષ્ઠભૂમિનું કામ કરે છે. ઈતિહાસ અને સંસ્કૃતિથી સમૃદ્ધ ભૂમિ ગુજરાત, ભારતના લોખંડી પુરૂષ તરીકે ઓળખાતા સરદાર વલ્લભભાઈ પટેલ જેવી મહાનુભાવોનું જન્મસ્થળ પણ છે. સ્વતંત્રતાના પગલે રાષ્ટ્રીય એકતા પ્રત્યેની તેમની અદમ્ય ભાવના અને પ્રતિબદ્ધતાએ આપણા દેશ પર અમિટ છાપ છોડી છે."

ડબ્લ્યુએચઓનું ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન ગુજરાતના જામનગરમાં મુખ્ય મથક ધરાવવા પર ડો.માંડવિયાએ જણાવ્યું હતું કે, "આ કેન્દ્ર જ્ઞાનના કેન્દ્ર તરીકે કામ કરે છે, જે લોકો અને પૃથ્વીના ઉત્કર્ષ માટે આધુનિક વિજ્ઞાન સાથે પ્રાચીન જ્ઞાનનો સમન્વય કરે છે. ડબ્લ્યુએચઓના મુખ્ય કાર્યોને પૂરક બનાવીને, કેન્દ્ર વૈશ્વિક સ્તરે પરંપરાગત દવાઓની પ્રગતિને વેગ આપે છે."

શ્રી સર્વાનંદ સોનોવાલે ઉદ્‌ઘાટન સમારંભમાં જણાવ્યું હતું કે, "પરંપરાગત ચિકિત્સા માટે સૌપ્રથમ ગ્લોબલ સમિટ અતિ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે સરહદોથી આગળ વધીને હેલ્થકેરનાં ભવિષ્ય માટે મનને એક કરે છે અને વૈશ્વિક સ્તરે હેલ્થકેરમાં નવા યુગનો ઉદય સૂચવે છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ શિખર સંમેલન પરંપરાગત દવાઓમાં જોડાણ અને નવીનતા માટેનાં સંભવિત ક્ષેત્રોને ઓળખવામાં મદદ કરશે તથા સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચનાં લક્ષ્યાંકો હાંસલ કરવામાં પરંપરાગત દવાઓનો ઉપયોગ કરવામાં મદદ કરશે.

સ્થાનિક સમુદાયો સાથે પરંપરાગત ચિકિત્સાનાં સંબંધો પર શ્રી સોનોવાલે કહ્યું હતું કે, "પરંપરાગત ઔષધિઓ સાંસ્કૃતિક વિવિધતાનું સન્માન કરવામાં, સમુદાયોને સશક્ત બનાવવામાં અને આપણા સહિયારા વારસાની ઉજવણી કરવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે, ત્યારે સાથે-સાથે વૈશ્વિક સ્તરે સ્વાસ્થ્ય અને સુખાકારીમાં પણ સુધારો કરી શકે છે."

ઉદઘાટન પ્રસંગે ડૉ. ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસસે આયુષ્માન ભારતની છત્ર યોજના અંતર્ગત સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચ વધારવાના ભારતના પ્રયાસોને બિરદાવ્યા હતા. એક દિવસ પહેલા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની તેમની મુલાકાતથી તેમને દેશમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓના વિસ્તરણના સાક્ષી બનાવવામાં મદદ મળી. તેમણે ભારત દ્વારા ટેલિમેડિસિન અપનાવવા પર પણ પ્રકાશ પાડ્યો હતો, જે માત્ર આરોગ્ય સેવાના વિતરણને વિસ્તૃત કરે છે એટલું જ નહીં, પરંતુ દર્દીઓ માટે સમય અને નાણાં બચાવવામાં પણ મદદ કરે છે.

ડો. ઘેબ્રેયેસસે પરંપરાગત દવાઓ અને પર્યાવરણ વચ્ચેની કડી પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે, "પરંપરાગત ઔષધિઓ માનવજાત જેટલી જ જૂની છે, તમામ દેશોના લોકોએ તેમના જીવનના કોઈક તબક્કે પરંપરાગત ઉપચાર પદ્ધતિઓનો ઉપયોગ કર્યો છે." તેમણે એ વાત પર પ્રકાશ પાડ્યો હતો કે વિલોની છાલ અને પેરિવિંકલ જેવા સમુદાયો દ્વારા પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓના ઉપયોગ માટે ઘણી આધુનિક દવાઓના સ્ત્રોતોને કેવી રીતે શોધી શકાય છે, જે એસ્પિરિન અને કેન્સરની દવાઓ માટેનો આધાર બનાવે છે.

ડો. ઘેબ્રેયેસસે જણાવ્યું હતું કે તેમને આશા છે કે આ સમિટનું પરિણામ ગુજરાત જાહેરનામું રાષ્ટ્રીય આરોગ્ય પ્રણાલીમાં પરંપરાગત દવાઓના ઉપયોગને સંકલિત કરશે અને વિજ્ઞાનના માધ્યમથી પરંપરાગત ચિકિત્સાની શક્તિને અનલોક કરવામાં મદદ કરશે.

વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના ડાયરેક્ટર જનરલ ડો.ન્ગોઝી ઓકોન્જો-ઈવેલાએ એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે પરંપરાગત દવા એન્ટિથેટિકલ નથી, પરંતુ તે આધુનિક દવાઓની પૂરક છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આ સમિટ પરંપરાગત ચિકિત્સાની સમજણને વિસ્તૃત કરવામાં મદદ કરશે અને સમિટમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ માટે સંકલિત અને સર્વસમાવેશક મંચ તરીકે કામ કરશે.

આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, પરંપરાગત ચિકિત્સા પર સૌપ્રથમ ગ્લોબલ સમિટનું આયોજન કરવું એ ગુજરાત અને ભારત માટે ગૌરવની બાબત છે. એક પ્રાચીન ભારતીય ગ્રંથને ટાંકીને તેમણે કહ્યું હતું કે, "સર્વે ભવન્તુ સુખિનાહ; સર્વે સંતુ નિરામય,"બધા ખુશ રહે, બધા રોગમુક્ત રહે, આ હંમેશા ભારતનો વિશ્વાસ રહ્યો છે, વસુધૈવ કુટુમ્બકમની ફિલસૂફીને અનુરૂપ, વિશ્વ એક પરિવાર છે.."

ભૂતાનના આરોગ્ય મંત્રી શ્રીમતી લોન્પો દશો ડેકેન વાંગ્મોએ ભૂતાનમાં સોવા રિગ્પા પર ધ્યાન કેન્દ્રીત કરવા વિશે વાત કરી હતી અને કહ્યું હતું કે, "આપણી પરંપરાગત દવાઓ માત્ર ઉપચારની પદ્ધતિઓ જ નથી, પરંતુ તે આપણી આરોગ્ય સંભાળ પ્રણાલીના મહત્વપૂર્ણ બિલ્ડિંગ બ્લોક છે."

આ શિખર સંમેલનમાં બે દિવસ સુધી દુનિયામાં પરંપરાગત ચિકિત્સાનાં વિવિધ પાસાંઓ પર વિસ્તૃત વિચાર-વિમર્શ અને જાણકારીની વહેંચણી થશે, જેમાં ચિકિત્સાની પરંપરાગત પદ્ધતિઓનાં ઉપયોગની જરૂરિયાત, અસર, નવીનતા અને ડેટા સામેલ છે. આજે સમિટના ભાગરૂપે વિશ્વભરમાં પરંપરાગત દવાઓના મૂલ્ય અને વિવિધતાને દર્શાવતું પરંપરાગત દવાઓ માટે એક સમર્પિત પ્રદર્શનનું પણ ઉદઘાટન કરવામાં આવશે.

આ ઉદઘાટન સમારંભમાં સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનાં સચિવ શ્રી સુધાંશ પંત, આયુષ મંત્રાલયનાં સચિવ શ્રી રાજેશ કોટેચા, યુરોપનાં વિશ્વ આરોગ્ય સંસ્થાનાં પ્રાદેશિક નિયામક ડૉ. હંસ ક્લુગે અને દક્ષિણ પૂર્વ એશિયા ક્ષેત્રનાં પ્રાદેશિક નિયામક ડૉ. પૂનમ ખેત્રાપાલ સિંહ પણ સહભાગી થયાં હતાં. આ કાર્યક્રમમાં આગામી બે દિવસમાં વૈજ્ઞાનિકો, પરંપરાગત ચિકિત્સાના પ્રેક્ટિશનર્સ, હેલ્થ વર્કરો અને વિશ્વભરની સિવિલ સોસાયટી સંસ્થાઓના સભ્યો ભાગ લેશે.

## શ્રાવણ સત્સંગ

# રૂંઢમાળાની કથા



એક વાર પ્રસન્નચિત્ત બેઠેલા શિવજીને માતા પાર્વતીજીએ પ્રશ્ન પુછ્યો, હે નાથ તમે રૂંઢમાળા એટલે કે ખોપરીઓની માળા ધારણ કરો છો જ્યારે અન્ય દેવો હીરા-મોતી જેવા કિંમતી ઝવેરાતો અને સુવર્ણના ઘરેણા ધારણ કરે છે. તમનો આ ખોપરીઓની માળા કેમ આટલી બધી પ્રિય છે ? તેનું રહસ્ય મને જણાવો.

દેવાધિદેવ શિવજી માતા પાર્વતીજીના મુખેથી આ અચાનક પુછાયેલા પ્રશ્નને સાંભળીને ખડખડાટ હસી પડાયું. શિવજી બોલ્યા, દેવી એ જાણવાની તમારે શી જરૂર છે ?

મને તે અત્યંત પ્રિય છે તેથી તેને હું ધારણ કરૂ છું. તમે તો મારા અર્ધાંગીની છો. તમારે મને આવા પ્રશ્નો ન પુછવા જોઈએ.

ત્યારે પાર્વતી માતા એક ના બે ન થયા. તેમણે રીતસરની હઠ પકડી આજે તો તમે મને એ જણાવો જ કે તમે હાડકાંના હારડા શા માટે ધારણ કરો છો ?

શિવજી સમજી ગયા કે નક્કી આ આગ નારદજી જ લગાડી ગયા લાગે છે. તેમણે પાર્વતી માતાને પ્રશ્ન પુછ્યો, આજે હું વન વિહાર કરવા ગયો ત્યારે અહીં કોઈ આવ્યું હતુ ?

માતા પાર્વતીએ જવાબ આપ્યો,' હા, મહર્ષિ નારદજી આવ્યા હતા. તેમણે જ આ પ્રશ્ન મને પુછ્યો. તેઓ એ બધા દેવોને આ રહસ્ય પુછ્યુ. પરંતુ કોઈનેય તેનો ઉત્તર ન મળ્યો. તેથી પોતાની જીજ્ઞાસા સંતોષવા માટે આ પ્રશ્ન નારદજીએ મને પુછ્યો. ત્યારે મેં પણ અન્ય દેવોની જેમ જણાવ્યું કે, ' આ રહસ્ય વિશે તો મને પણ કંઈ જાણ નથી.'

ત્યારે મને નારદજીએ કહ્યું, ' તમે તેમના અર્ધાંગિની છો ને તમેય તે રહસ્ય ને નથી જાણતા ?' આમ કહી માતા પાર્વતી એ ઝડપથી આ રહસ્યને પ્રગટ કરવા શિવજીને વિનંતી કરી.

આખરે સ્ત્રી હઠ પાસે ઝુકી ગયેલા દેવાધિદેવ મહાદેવે તેનું રહસ્ય જણાવતા કહ્યું , 'દેવી' આ જેટલી ખોપરીઓ છે તેટલા તમારા અવતાર થયા છે. તમારા દરેક અવતારની ખોપડી ને મેં મારા આ રૂંઢમાળામાં પોરવી દીધી છે. તમારા થી વધારે આ જગતમાં મને બીજુ કઈ નથી. તમે મારા હૃદયેશ્વરી છો. તમારા દરેક અવતારના દેહવિલય બાદ તેની ખોપરી હું લઈ મારા આ હારમાં પોરવતો આવ્યો છું. તેના વડે જ મને હૃદયની સાચી શાંતિ પ્રાપ્ત થાય છે.'

શિવજીના મુખેથી આ રહસ્ય સાંભળી અને સતી પાર્વતી તો વ્યથિત થઈ ગયા. તેમણે મહાદેવજીને કહ્યું, ' તમે અજરઅમર છો અને મારે અવતાર ધારણ કરવા પડે છે ? હું પણ તમારી જેમ જ અમર કેમ ન બનું ? હું તમારી અર્ધાંગીની છું. મારે પણ આ જન્મજન્માંતરના ફેરામાંથી છુટવું છે.'

ત્યારે ભગવાન શિવજી બોલ્યા, 'તમે તો માયાનું જ સ્વરૂપ છો. માયા ક્યારેય પણ અમર રહેતી નથી. જો તમારે અમર બનવું હોય તો અમર કથા સાંભળવી પડે. તે અમર કથા કોઈ એકાંત સ્થાનમાં જ સંભળાવી શકાય. અને પાર્વતી અમર કથા સાંભળવા તત્પર થયા.

આમ, શિવજીએ રૂંઢમાળા ધારણ કરવા પાછળનું રહસ્ય માતા પાર્વતીજી ની સામે પ્રગટ કર્યું.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**દેવેન કનકચંદ્ર વ્યાસ**

# કોંગ્રેસના સંગઠનમાં મોટાપાયે ફેરબદલનાં શક્તિસિંહ ગોહિલના સ્પષ્ટ સંકેત



અમદાવાદ,તા.૧૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આગામી રવિવારે ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ રાજીવ ગાંધીના જન્મદિવસે સરદાર બાગથી પ્રદેશ કાર્યાલય સુધી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં ઉપસ્થિત આગેવાનોને કામે લાગી જવા આદેશ કરવામાં આવ્યા છે. હોદ્દા પર રહીને કામગીરી નહી કરે તો હોદ્દો લઈ લેવાશે. તેવા આકરા તેવર પણ શક્તિસિંહ ગોહિલે બતાવ્યા છે. લોકસભાની ૨૦૦૪ અને ૨૦૦૯ની ચૂંટણીના પરિણામોને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ ૨૬ બેઠક માથી ૧૫ બેઠક પર ધ્યાન કેન્દ્રિત કરવા તરફ આગળ વધી રહયુ છે. ભાજપ સતત ત્રીજી વખત તમામ બેઠકો જીતવાનો ઈતિહાસ રચવાની દિશામાં આગળ વધી રહ્યું છે, ત્યારે કોંગ્રેસ ઉત્તર ગુજરાતની પાટણ સૌરાષ્ટ્રની અમરેલી, જામનગર અને મધ્ય ગુજરાતની ખેડા આણંદ ,પંચમહાલ તથા દાહોદ તેમજ દક્ષિણ ગુજરાતની વલસાડ અને બારડોલીની બેઠક પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. લોકસભાની ચૂંટણીને ધયાનમા રાખી સંગઠનમાં ફેરફાર કરવા છેલ્લે મળેલી ગુજરાત પ્રદેશ કોંગ્રેસની કોર કમિટીની બેઠકમાં વિચાર વિમર્શ પણ કરવામાં આવ્યો હતો. દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ રાજીવ ગાંધીનો આગામી રવિવારે જન્મદિવસ છે તે દિવસે સરદાર બાગ ખાતે આવેલી પ્રતિમાથી પાલડી સ્થિત પ્રદેશ કાર્યાલય સુધી યાત્રા કાઢવામાં આવશે.રાહુલ ગાંધી ગુજરાતથી પૂર્વ ભારત સુધીની યાત્રા કાઢવાના છે, તેની તારીખ હવે નજીકના ભવિષ્યના દિવસોમાં જાહેર કરવામાં આવશે કોંગ્રેસ તેની તૈયારીમાં લાગી ગયું છે. પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે હવે આકરા તેવર દેખાડ્યા છે જે લોકોએ કામ ન કરવું હોય તેઓને સંગઠન માથી ખસેડી દેવામા આવશે.તેવી ચીમકી પણ ઉચ્ચારી છે, આ સાથે તેમણે કહ્યું છે કે, સંગઠનમાં નેતાઓ નહીં પણ કાર્યકરોની જરૂરિયાત છે માટે કામ કરવા તૈયાર રહો. કોંગ્રેસના સંગઠનમાં મોટાપાયે ફેરબદલનાં શક્તિસિંહ ગોહિલના સ્પષ્ટ સંકેત છે. તેમજ આગામી ટૂંક સમયમાં શક્તિસિંહ ગોહિલ દ્વારા આ મુદ્દે જાહેરાત પણ કરવામાં આવશે. હોદ્દા પર રહીને કામગીરી નહી કરે તો હોદ્દો લઈ લેવાશે. તેમજ ખાલી પડેલી તાલુકા-જીલ્લાની જગ્યાએ સત્વરે ભરવામાં આવશે. સંગઠનમાં આપેલી જવાબદારીનું મૂલ્યાંકન પણ કરાશે. કોંગ્રેસે ૨૦ ઓગસ્ટે રાજીવ ગાંધીની જન્મ જયંતી નિમિત્તે પદયાત્રા કરશે.

# રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોની ખાતાકીય ઓડિટ કરાવવામાં ઉદાસીનતા

## ઓડિટમાં ગેરહાજર સ્કૂલોની વિગતોની ચકાસણીમાં ઓડિટ બાકી હોવાનું સામે આવ્યું

અમદાવાદ, તા.૧૮

રાજયની ગ્રાન્ટેડ સ્કૂલો પૈકી અમુક સ્કૂલોનું લાંબા સમયથી ખાતાકીય હિસાબી ઓડિટ બાકી હોવાની વિગતો સામે આવી છે. તાજેતરમાં થયેલા ખાતાકિય ઓડિટમાં આ સ્કૂલો ગેરહાજર રહેતા સ્કૂલોની વિગતો ચકાસતા લાંબા સમયથી ઓડિટ કરાવ્યું ન હોવાનું જાણવા મળ્યું હતું. જેના પગલે કમિશ્નર ઓફ સ્કૂલની કચેરી દ્વારા આવી સ્કૂલો સામે કાર્યવાહી કરવાની તૈયારીઓ શરૂ કરી છે. હાલમાં આવી તમામ સ્કૂલોની વિગતો જિલ્લા શિક્ષણાધિકારીઓ પાસેથી મંગાવવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયના અમુક જિલ્લાઓની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના તાજેતરમાં ખાતાકીય હિસાબી ઓડીટ કરવામાં આવ્યા હતા. જેમાં અમુક શાળાઓ ગેરહાજર રહી ખાતાકીય હિસાબી ઓડિટ ન કરાવતા આવી શાળાઓની વિગતોની ચકાસણી કરવામાં આવી હતી. ચકાસણી દરમ્યાન આ શાળાઓનું લાંબા સમયથી ખાતાકીય ઓડિટ બાકી હોવાનું સામે આવ્યું છે. જેથી આવી શાળાઓ દરેક જિલ્લામાં હોવાથી કમિશ્નર ઓફ સ્કૂલની કચેરી દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને આ અંગે પરિપત્ર કર્યો છે. જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા કરવામાં આવતા ગ્રાન્ટ એસેસમેન્ટ અથવા કમિશ્નર કચેરી દ્વારા કરવામાં આવતા ખાતાકીય હિસાબી ઓડિટ કેમ્પ દરમ્યાન આ શાળાઓ ઓડિટ માટે ગેરહાજર રહી ગ્રાન્ટ ઈન એઈડ કોડ-૧૯૬૪નું ઉલ્લંઘન કરતી હોવાનું પ્રાથમિક દ્રષ્ટીએ જણાય છે. જેથી રાજયના જે તે જિલ્લામાં છેલ્લુ ખાતાકીય હિસાબી ઓડિટ પૂર્ણ કરવામાં આવેલુ હોય તે વર્ષ સુધી ખાતાકીય હિસાબી ઓડિટ- ગ્રાન્ટ એસેસમેન્ટ કરાવેલા ન હોય તેવી તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિગતો કમિશ્નર ઓફ સ્કૂલની કચેરીને મોકલી આપવા માટે આદેશ કરાયો છે. કમિશ્નર ઓફ સ્કૂલની કચેરીના પત્ર બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા તમામ ગ્રાન્ટેડ સ્કૂલોના આચાર્ય અને સંચાલકોને પત્ર લખ્યો છે.

# ગુનાહિત કાયદાઓની જગ્યાએ લાવવામાં આવેલા ત્રણ બિલ ઉપર વ્યાપક ચર્ચા-વિચારણા કરવા કોંગ્રેસની માંગ

નવી દિલ્હી તા.૧૮

કોંગ્રેસે ગૃહમંત્રી અમિત શાહ ઉપર દેશની ગુનાહિત ન્યાય પ્રણાલીમાં ફેરફાર કરવાના હેતુથી ત્રણ નવા બિલ પર સંસદ અને લોકોને તેની કેટલીક જોગવાઈઓ વિશે "ગુમરાહ" કરવાનો આરોપ મૂક્યો હતો. કોંગ્રેસે નિષ્ણાતો અને જનતાને સામેલ કરીને સૂચિત કાયદાઓ ઉપર વ્યાપક ચર્ચા વિચારણા માટે હાકલ કરી હતી. વિપક્ષ કોંગ્રેસે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, ચોમાસુ સત્રના છેલ્લા દિવસે, શુક્રવારે શાહ દ્વારા લોકસભામાં રજૂ કરાયેલા બિલ સરકાર દ્વારા "કોઈપણ ચર્ચા વિચારણાં વિના ગુપ્ત અને અપારદર્શક રીતે" લાવવામાં આવ્યા હતા. એક નિવેદનમાં, કોંગ્રેસના મહાસચિવ રણદીપ સુરજેવાલાએ જણાવ્યું હતું કે ૧૧ ઓગસ્ટના રોજ, કોઈપણ પૂર્વ સૂચના અથવા જાહેર ચર્ચા વિના અથવા કાનૂની નિષ્ણાતો, ન્યાય શાસ્ત્રીઓ, અપરાધશાસ્ત્રીઓ અને અન્ય હિતધારકોના સૂચનો આમંત્રિત કર્યા વિના મોદી સરકારે આ ત્રણ બિલ રજૂ કર્યા હતા. કોંગ્રેસ નેતાએ કહ્યું, "ગૃહમંત્રીની શરૂઆતની ટિપ્પણીથી એ હકીકત બહાર આવી કે અમિત શાહ પોતે આ સમગ્ર કવાયતથી અજાણ હતા." "જાહેર અથવા હિતધારકોના સૂચનો અને સમજણથી દૂર એક ગુપ્ત કવાયત માત્ર થોડો શ્રેય લઈ શકે છે, પરંતુ તે દેશના ગુનાહીત કાયદાના માળખામાં સુધારો કરવાના જાહેર ઉદ્દેશ્યને પૂર્ણ કરી શકશે નહીં. હાલના અને સૂચિત કાયદાઓની વ્યાપક "પરીક્ષા" કર્યા પછી તેમણે કહ્યું કે આતંકવાદ અને આતંકવાદી કૃત્યોની વિગતવાર વ્યાખ્યાઓ ઈન્દિરા ગાંધીના સમયથી અસ્તિત્વમાં છે અને "ભારતીય દંડ સંહિતા (IPC)માં આતંકવાદીઓની વ્યાખ્યા એક દેખાડો છે, તે વાહિયાત છે. 'મોબ લિંચિંગ' સામે એફઆઈઆરના મુદ્દા ઉપર, જે પ્રથમ વખત લાવવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવે છે, તેમણે આરોપ લગાવ્યો કે શાહે 'મોબ લિંચિંગ' કરનારાઓને 'મોટી છૂટ' આપી છે. "ભાજપ સરકારે 'મોબ લિંચિંગ' માટે લઘુત્તમ સજા ઘટાડીને સાત વર્ષ કરી છે, જ્યારે IPC હેઠળ આવા ગુના માટે લઘુત્તમ સજા આજીવન કેદ હતી," એવો સુરજેવાલાએ દાવો કર્યો હતો. સુરજેવાલાએ દાવો કર્યો હતો કે જ્યાં સુધી સગીરોના યૌનઉત્પીડનની વાત છે ત્યાં સુધી તમામ જોગવાઈઓ પહેલાથી જ લાગુ છે અને તે જ રીતે સામૂહિક દુષ્કર્મ માટે ૨૦ વર્ષની જેલની જોગવાઈ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે ભારતીય ન્યાયિક સંહિતા (BNS) બિલ, ૨૦૨૩, ભારતીય નાગરિક સંરક્ષણ (BNSS) બિલ, ૨૦૨૩ અને ભારતીય પુરાવા (BS) બિલ, ૨૦૨૩ લોકસભામાં રજૂ કર્યા હતા. આ બિલો અનુક્રમે ઈન્ડિયન પીનલ કોડ (IPC), ૧૮૬૦, કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (CrPC), ૧૮૯૮ અને ઈન્ડિયન એવિડન્સ એક્ટ, ૧૮૭૨નું સ્થાન લેશે.

# મુકેશ અંબાણીની ૧૦ કરોડની બોમ્બપ્રૂફ કાર સાથેનો ૩૦ કરોડનો કાફલો જોવા મળ્યો, વીડિયો વાયરલ



મુંબઈ તા.૧૮

મુકેશ અંબાણી ભારતના સૌથી ધનિક અને દુનિયાના ધનિકોની યાદીમાં ૧૧મા ક્રમે સ્થાન ધરાવે છે. તેઓ ભારતની સૌથી વધુ મૂલ્યવાન કંપનીનું સંચાલન કરી રહ્યા છે. જેનું નામ છે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ. તેની માર્કેટ કેપની વાત કરીએ તો તે લગભગ ૧૭ ટ્રિલિયન ડોલર થાય છે. જોકે એશિયાના પણ સૌથી ધનિક વ્યક્તિ હોવા છતાં તમારા માટે સુરક્ષાના નામે કરોડો રૂપિયાનો ખર્ચો કરવો સરળ બાબત નથી. મુકેશ અંબાણીના પરિવારમાં તેમની પત્ની નીતા અંબાણી છે. બાળકોમાં આકાશ અંબાણી, અનંત અંબાણી, શ્લોકા મહેતા અંબાણી અને તેમના પણ બાળકો છે. આ લોકો તમને અનેકવાર લકજુરિયસ અને મોંઘી કારના કાફલામાં જતા જેમાં અનેક એસયુવી પણ હશે તેમાં દેખાઈ જશે. મુકેશ અંબાણી ખાસ કરીને મર્સિડીઝ બેન્ઝ એસ૬૦૦નો ઉપયોગ કરતા હતા. આ કાર બુલેટપ્રૂફ સીડાન છે અને તેમણે અમુક જ દિવસો પહેલા તેને અપગ્રેડ કરી હતી. મુકેશ અંબાણી હાલ બોમ્બ પ્રૂફ કાર મર્સિડીઝ બેન્ઝ એસ ૬૮૦ લઈને ફરે છે. આ પણ એક સીડાન કાર છે અને તેની કિંમત આશરે ૧૦ કરોડ રૂપિયા થાય છે. જોકે એક યુટ્યુબર સીએસ૧૨એ તેના વીલોગ ઉપર અંબાણીના પરિવારનો કાફલાનો વીડિયો કેપ્ચર કર્યો હતો. આ વીડિયોમાં ૨૦ કાર દેખાય છે જેમાં ૧૦ કરોડવાળી સીડાન પણ છે. આ કાફલામાં રોલ્સ રોયસ ક્યુલિનાન, લેન્ડ રોવર રેન્જ રોવર ઓટોબાયોગ્રાફી, મર્સિડીઝ એએમજી - જી૬૩, ટોયોટા ફોર્ચ્યુનર, એમ.જી ગ્લોસ્ટર અને અન્ય કારો સામેલ હતી. તેનાથી આ કાફલાની કિંમત આશરે ૩૦ કરોડ થઈ ગઈ હતી.

# 'ATM ચોરી' અને 'પેપર લીક'ને હવે 'નાનો સંગઠિત અપરાધ' તરીકે ગણવામાં આવશે




નવી દિલ્હી, તા.૧૮

ભારતીય ન્યાય સંહિતા (BNS) હવે ૧૬૩ વર્ષ જૂના IPCનું સ્થાન લેશે, જેમાં નવા ગુનાઓમાં ATM ચોરી, પ્રશ્નપત્ર લીક કરવા, શોપ લિફ્ટિંગ, કારની ચોરી અને કારમાંથી કિંમતી ચીજવસ્તુઓની ચોરી જેવા જેવા સંગઠિત અપરાધોનો સમાવેશ કરવા માગે છે. તે ચોક્કસ કલમ, દંડ સાથે ૧થી ૭ વર્ષ સુધીની જેલની સજા માટે દોષિત ગણવામાં આવશે. IPCમાં એવી કોઈ જોગવાઈ નથી જે ખાસ કરીને આ ગુનાઓ સાથે વ્યવહાર કરે છે અને ઘણીવાર તેમને કલમ ૩૭૮ હેઠળ 'ચોરી'ના વ્યાપક હેડ હેઠળ ગણવામાં આવે છે. BNS મારફત શિક્ષાત્મક ગુનાઓની બીજી નોંધપાત્ર સંહિતાએ મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ્સ એક્ટ (MCOCA)ની જોગવાઈઓ છે, જે ૧૯૯૯માં અમલી બન્યા પછી મુંબઈ અને મહારાષ્ટ્રમાં સખત અપરાધ સિન્ડિકેટને અસર કરે છે. જોકે તે રાજયદ્વારા ઘડવામાં આવેલ કાયદો હતો, અન્ય ઘણા રાજ્યોએ કાં તો આ અધિનિયમને અપનાવ્યો છે અથવા MCOCA જેવો નવો કાયદો ઘડ્યો છે. BNSમાં IPCમાં રહેલી વિસંગતતાની કાળજી લેવામાં આવી છે અને સંગઠિત ગુનાનો સામનો કરવામાં તે સત્તાવાળાઓને મદદ કરશે તેવી જોગવાઈઓ આ સમગ્ર ભારતમાં લાગુ કરવામ આવશે. BNSની કલમ ૧૦૯ "અપહરણ, લૂંટ, વાહન ચોરી, ખંડણી, જમીન પચાવી પાડવા, કોન્ટ્રાક્ટ કિલિંગ, આર્થિક ગુનાઓ, ગંભીર પરિણામો ધરાવતા સાયબર-ગુનાઓ, લોકોની તસ્કરી, ડ્રગ્સ, ગેરકાયદેસર ચીજવસ્તુઓ અથવા સેવાઓ અને શસ્ત્રો સહિત કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ, એકલ અથવા સંયુક્ત રીતે, સંગઠિત અપરાધ સિન્ડિકેટના સભ્ય તરીકે અથવા આવા સિન્ડિકેટ, હિંસા, હિંસાનો ભય, ધાકધમકી આપીને, વેશ્યાવૃત્તિ અથવા ખંડણી માટે માનવ તસ્કરીનું રેકેટ, બળજબરી, ભ્રષ્ટાચાર અથવા સંબંધિત પ્રવૃત્તિઓ અથવા નાણાકીય લાભ સહિત પ્રત્યક્ષ અથવા પરોક્ષ, ભૌતિક લાભ મેળવવા માટે અન્ય ગેરકાયદેસર માધ્યમો જેવા ગુનાઓ માટે સંગઠિત અપરાધ ગણવામાં આવશે. તે "સંગઠિત અપરાધ સિન્ડિકેટ"ને વ્યાખ્યાયિત કરે છે જેનો અર્થ એક ગુનાહિત સંગઠન અથવા ત્રણ અથવા વધુ વ્યક્તિઓનું જૂથ છે, જેઓ એકલ અથવા સામૂહિક રીતે સિન્ડિકેટ, ગેંગ, માફિયા અથવા ગુનાની રિંગ તરીકે એક અથવા વધુ ગંભીર કમિશનમાં સંડોવાયેલા છે. આ ગુનાઓ અથવા ગેંગ ગુનાખોરી, રેકેટરીંગ અને સિન્ડિકેટેડ સંગઠિત ગુનામાં સામેલ છે. આ વિભાગમાં વિશ્વાસના ગુનાહિત ભંગ સહિત આર્થિક ગુનાઓનો પણ સમાવેશ થાય છે; જેમાં બનાવટી, ચલણ અને મૂલ્યવાન સિક્યોરિટીઝની નકલ, નાણાકીય કૌભાંડો, પોન્ઝી સ્કીમ્સ, માસ-માર્કેટિંગ છેતરપિંડી અથવા મલ્ટી-લેવલ માર્કેટિંગ યોજનાઓ નાણાકીય લાભો મેળવવા અથવા મોટા પાયે સંગઠિત સટ્ટાબાજી, લોકો સાથે છેતરપિંડી કરવાના હેતુથી મની લોન્ડરિંગ અને હવાલા વ્યવહારો. આ જોગવાઈ આ કલમ હેઠળ દોષિતોને ઓછામાં ઓછી પાંચ વર્ષની જેલની સજાની દરખાસ્ત કરે છે અને જે ૫ લાખ રૂપિયાથી ઓછી ન હોય તેવા દંડ સાથે આજીવન કેદ સુધી લંબાવી શકે છે. ATM ચોરીઓ અને પ્રશ્નપત્રો લીક થવાને ઘણીવાર IPC કલમ ૩૭૮ હેઠળ 'ચોરી'ના વ્યાપક હેડ હેઠળ મૂકવામાં આવે છે. ઘરફોડ ચોરીઓ, તેને IPCની કલમ ૪૪૬ હેઠળ આવરી લેવામાં આવે છે. BNSની કલમ ૧૧૦ કહે છે કે, કોઈપણ ગુનો જે વાહનની ચોરી અથવા વાહનમાંથી ચોરી, ઘરેલું અને વ્યવસાયની ચોરી, યુક્તિની ચોરી, કાર્ગો અપરાધ, ચોરીનો પ્રયાસ, અંગત મિલકતની ચોરી, સંબંધિત નાગરિકોમાં અસુરક્ષાની સામાન્ય લાગણીનું કારણ બને તે સંગઠિત પિક પોકેટિંગ, સ્નેચિંગ, શોપલિફ્ટિંગ અથવા કાર્ડ સ્કિમિંગ દ્વારા ચોરી અને એટીએમ ચોરી અથવા જાહેર પરિવહન વ્યવસ્થામાં ગેરકાયદેસરરીતે નાણાં મેળવવા અથવા ટિકિટનું ગેરકાયદે વેચાણ અને જાહેર પરીક્ષાના પ્રશ્નપત્રોનું વેચાણ અને સંગઠિત ગુનાખોરી જૂથો દ્વારા આચરવામાં આવતા સંગઠિત અપરાધના અન્ય સામાન્ય સ્વરૂપોને નાના સંગઠિત ગુનાઓ ગણવામાં આવશે. તેના માટે દોષિતોને દંડ ઉપરાંત એકથી સાત વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ છે.

# ભારત જ નહીં અન્ય ૩ દેશ પણ ૧૫ ઓગસ્ટે આઝાદ થયા હતા

૧૫ ઓગસ્ટે ભારતને આઝાદ થઈએ ૭૧ વર્ષ પૂરા થઈ ગયા છે. ભારત ૧૫ ઓગસ્ટ ૧૯૪૭એ આઝાદ થયો. અંગ્રેજોની ગુલામી બાદ ૧૯૪૭એ ભારતને આઝાદી મળી. આઝાદીની વર્ષગાંઠ આ ખાસ મોકા ઉપર અમે બતાવીએ કે ૧૫ ઓગસ્ટે માત્ર ભારત જ નહીં બલ્કે ૩ અન્ય દેશ પણ આઝાદ થયા હતા. વસ્તુતઃ તે બધાની આઝાદીના વર્ષ અલગ-અલગ છે પણ તારીખ ૧૫ ઓગસ્ટ છે. ભારત સિવાય ૧૫ ઓગસ્ટે આઝાદ થનારા દેશ કોરિયા, બહેરીન અને કાંગો છે.

**કોરિયા**

દક્ષિણ કોરિયાને ૧૫ઓગસ્ટ ૧૯૪૫એ જાપાનથી આઝાદી મળી હતી. કોરિયા ૧૯૪૮ સુધી સંયુક્ત હતું. તે સમયે આને દક્ષિણ કોરિયા અને ઉત્તર કોરિયામાવિભાજીત કરી દેવામાં આવ્યું. ૧૯૧૦થી લઈને ૧૯૪૫ સુધી કોરિયાઈ પ્રાયદ્વીણ જાપાનના કબજામાં રહ્યું.

**બહેરીન**

બહેરીનને ૧૫ ઓગસ્ટ ૧૯૭૧એ બ્રિટનથી આઝાદી મળી. એની રાજધાની મનામા છે. આ અરબ જગતનો એક હિસ્સો છે જે એક દ્વીપ પર વસેલો છે. ૧૯૮૫માં નેશનલ એસેમ્બલી ભંગ થઈ. જે અત્યાર સુધી બહાલ થઈ શકી નથી. ૧૯૯૦માં કુવૈત ઉપર ઈરાકના આક્રમણ બાદ બહેરીન સંયુક્ત રાષ્ટ્રસંઘનું સભ્ય બન્યું.

**કાંગો લોકતાંત્રિક ગણરાજ્ય**

૧૫ ઓગસ્ટ ૧૯૬૦એ કાંગો ફ્રાન્સથી આઝાદ થયું. કાંગો ૮૦ વર્ષ સુધી ફ્રેન્ચના શાસન હેઠળ રહ્યું. કાંગો લોકતાંત્રિક ગણરાજ્ય આફ્રિકા મહાદ્વીપના મધ્યમાં સ્થિત દેશ છે. જેનો કેટલોક ભૂ-ભાગ સંઘ મહાસાગરથી મળે છે. ક્ષેત્રફળ અનુસાર આ વિશ્વનો ૧૧મો સૌથી મોટો દેશ છે અને ફ્રાંસિસી ભાષા બોલનારા સૌથી મોટી વસ્તીવાળો દેશ છે.

ભારતનો અંતિમ વોઈસરોય લાર્ડ માઉન્ટબેટનને નિજી રૂપે ભારતની સ્વતંત્રતા માટે ૧૫ ઓગસ્ટનો દિવસ નક્કી કર્યો હતો. કેમ કે આ દિવસને તે પોતાના કાર્યકાળ ઘણા ભાગ્યશાળી માનતા હતા. બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન ૧૯૪૫માં ૧૫ ઓગસ્ટના જ દિવસે જાપાનની સેનાએ તેમના નેતૃત્વમાં બ્રિટનની સામે આત્મસમર્પણ કરી દીધું હતું. માઉન્ટ બેટન તે સમયે સંબંધિત સેનાઓના કમાન્ડર હતા. વોઈસરોયે ૧૪ ઓગસ્ટે પાકને આઝાદી આપી અને લાહોરને તેની રાજધાની ઘોષિત કરી દીધી.

# CrPCના સ્થાને આવનારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) બિલમાં ટેક્નોલોજીની મદદથી પોલીસ તપાસ, ટ્રાયલમાં ફેરફાર જેવી અનેક જોગવાઈઓ છે



નવી દિલ્હી, તા.૧૮

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) બિલ, જે વસાહતી યુગના CrPCનું સ્થાન લેશે, તે ફોજદારી ન્યાય વિતરણ પ્રણાલીમાં મુખ્ય ફેરફારોની દરખાસ્ત કરે છે, જેમાં ભારત અને વિદેશમાં ઘોષિત અપરાધીઓની મિલકતો જપ્ત કરવાની જોગવાઈ અને કેટલાક કિસ્સાઓમાં વ્યક્તિઓની ધરપકડમાં હાથકડી પહેરવાની મંજૂરીનો સમાવેશ થાય છે. ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) બિલ અને ભારતીય સાક્ષ્ય (બીએસ) બિલ શુક્રવારે લોકસભામાં રજૂ કરવામાં આવ્યા હતા અને તે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ અને ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨નું સ્થાન લેશે. આ સૂચિત ત્રણ બિલ વધુ ચકાસણી માટે સંસદીય પેનલને મોકલવામાં આવ્યા છે. ફોજદારી પ્રક્રિયાઓ ઉપરનું બિલ કેન્દ્રની ડિજિટલ ઈન્ડિયા પહેલને અનુરૂપ હોવાનું કહેવાય છે અને તેનો ઉદ્દેશ્ય વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા ટ્રાયલની મંજૂરી આપતી ટેક્નોલોજીના વધુ ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે. આ બિલમાં એવો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે કે જાતીય અપરાધો અને હેરફેર જેવા મામલામાં સરકારી અધિકારી સામે કાર્યવાહી કરવા માટે કોઈ મંજૂરીની જરૂર રહેશે નહીં. જાહેર સેવક સામે કાર્યવાહી કરવા માટે મંજૂરી આપવા અથવા નકારવાનો નિર્ણય વિનંતી પ્રાપ્ત થયાના ૧૨૦ દિવસની અંદર સરકાર દ્વારા આપવો આવશ્યક છે. જો સરકાર આમ કરવામાં નિષ્ફળ જશે, તો મંજૂરી આપવામાં આવી હોવાનું માનવામાં આવશે. BNSS બિલની કલમ ૧૫૧ કહે છે કે, જે કોઈ પણ વિદેશી રાજ્યની સરકાર સામે ભારત સરકાર સાથે યુદ્ધ કરે છે અથવા આવા યુદ્ધનો પ્રયાસ કરે છે, અથવા આવા યુદ્ધને પ્રોત્સાહન આપે છે, તેને આજીવન કેદની સજા કરવામાં આવશે. વિદેશમાં ઘોષિત ગુનેગારની મિલકત જપ્ત કરવાની જોગવાઈ એવી જોગવાઈ કરે છે કે પોલીસ અધિક્ષક અથવા પોલીસ કમિશ્નર કોર્ટમાં અરજી કરશે અને ત્યારબાદ તે અદાલતે ઓળખ માટે કરાર કરનાર દેશમાં કોર્ટ અથવા સત્તાધિકારી પાસેથી સહાયની વિનંતી કરવા માટે પગલાં લેશે. નવા કાયદા હેઠળ ચાર્જશીટ ૯૦ દિવસમાં દાખલ કરવાની રહેશે અને કોર્ટ પરિસ્થિતિને જોતા એજન્સીની તપાસ માટે વધુ ૯૦ દિવસનો સમય વધારી શકે છે. નીચલી અદાલતનો ચુકાદો ટ્રાયલના નિષ્કર્ષ પછી ૩૦ દિવસમાં સંભળાવવાનો રહેશે. હાથકડીના ઉપયોગ અંગે, ગુનાની પ્રકૃતિ અને ગંભીરતાને ધ્યાનમાં રાખીને વ્યક્તિની ધરપકડ કરતી વખતે હાથકડીનો ઉપયોગ કરવામાં આવી શકે છે. જે રીઢો છે અને પુનરાવર્તિત ગુનેગાર છે જે કસ્ટડીમાંથી ભાગી ગયો છે, જેણે સંગઠિત અપરાધ, આતંકવાદી અધિનિયમનો ગુનો, ડ્રગ સંબંધિત ગુના અથવા ગેરકાયદેસર હથિયાર અને દારૂગોળો રાખવાનો ગુનો, હત્યા, બળાત્કાર, એસિડ એટેક, સિક્કા અને ચલણી નોટોની નકલ, માનવ તસ્કરી, બાળકો સામે જાતીય ગુનાઓ, રાજ્ય સામેના ગુનાઓ, ભારતની સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને જોખમમાં મૂકતા કૃત્યો અથવા અન્ય આર્થિક અપરાધોનો સમાવેશ થાય છે. વિધેયકમાં મેજિસ્ટ્રેટ માટે કોઈ પણ વ્યક્તિની ધરપકડ કર્યા વિના તપાસના હેતુસર તેના હસ્તાક્ષર, અવાજ અથવા આંગળીની છાપના નમૂના આપવાનો આદેશ આપવાની જોગવાઈઓ છે. પોલીસ દ્વારા અટકાયતના સંદર્ભમાં, પોલીસ માટે કોઈ પણ વ્યક્તિને અટકાયતમાં રાખવાની જોગવાઈઓ છે. નવા બિલ મુજબ ગુનાના આરોપી વ્યક્તિ ઉપર તેની ગેરહાજરીમાં કેસ ચલાવી શકાય છે અને તેને દોષિત ઠેરવી શકાય છે. BNSS બિલ ગુનાની તપાસ, એફઆઈઆર દાખલ કરવા અને ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા સમન્સ મોકલવાની બાબતોમાં ટેકનોલોજી અને ફોરેન્સિક સાયન્સનો ઉપયોગ કરવાની જોગવાઈ કરે છે. આ કાયદો પ્રથમ માહિતી અહેવાલની સપ્લાય માટે નાગરિક-કેન્દ્રિત અભિગમ અપનાવે છે અને પીડિતોને કેસની પ્રગતિ વિશે માહિતગાર કરે છે, જેમાં ડિજિટલ માધ્યમનો સમાવેશ થાય છે અને વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા ટ્રાયલની સુવિધા આપવામાં આવશે. કેસ પાછા ખેંચવા ઉપર આ બિલ કહે છે કે જો સાત વર્ષથી વધુની સજા સાથેનો કેસ પાછો ખેંચવો હોય, તો પીડિતને પ્રક્રિયા શરૂ કરતા પહેલા સુનાવણીની તક આપવામાં આવશે. 'ઝીરો એફઆઈઆર' વિશે, બિલ પ્રસ્તાવ મૂકે છે કે નાગરિકો અધિકારક્ષેત્રની મર્યાદાને ધ્યાનમાં લીધા વિના કોઈપણ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી શકે છે અને એફઆઈઆર ૧૫ દિવસની અંદર ગુનાના સ્થળ ઉપર અધિકારક્ષેત્ર ધરાવતા પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર થવી જોઈએ. ટ્રાયલ, અપીલની કાર્યવાહી, જાહેર સેવકો અને પોલીસ અધિકારીઓ સહિતની જુબાનીનું રેકોર્ડિંગ ઈલેક્ટ્રોનિક મોડમાં થઈ શકે છે અને આરોપીઓનું નિવેદન પણ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રેકોર્ડ કરી શકાય છે. આ બિલ અનુસાર, સમન્સ, વોરંટ, દસ્તાવેજો, પોલીસ અહેવાલો, પુરાવાના નિવેદનો ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં કરી શકાય છે. નવા સૂચિત કાયદામાં મૃત્યુદંડની સજાના કેસોમાં દયાની અરજી દાખલ કરવાની સમયમર્યાદા માટેની પ્રક્રિયાની જોગવાઈ છે અને જેલ સત્તાવાળાઓ દ્વારા મૃત્યુદંડની સજા પામેલા દોષીની અરજીના નિકાલ વિશે જાણ કર્યા પછી, તે અથવા તેના કાનૂની વારસદાર અથવા સંબંધી રાજયપાલને ૩૦ દિવસની અંદર દયાની અરજી કરી શકે છે. જો તે નામંજૂર કરવામાં આવે, તો તે વ્યક્તિ ૬૦ દિવસની અંદર રાષ્ટ્રપતિને અરજી કરી શકે છે અને રાષ્ટ્રપતિના આદેશ સામે કોઈ પણ કોર્ટમાં અપીલ કરી શકાશે નહીં. ફોજદારી કેસોમાં સરકારી અધિકારી સામે કાર્યવાહી કરવાની મંજૂરી ઉપર આ નવો કાયદો દરખાસ્ત કરે છે કે જાહેર સેવક સામે કેસ ચલાવવાની મંજૂરી આપવા અથવા નકારવાનો નિર્ણય વિનંતી પ્રાપ્ત થયાના ૧૨૦ દિવસની અંદર સરકાર દ્વારા આપવો આવશ્યક છે. જો સરકાર આમ કરવામાં નિષ્ફળ જશે તો મંજૂરી આપવામાં આવી હોવાનું માનવામાં આવશે. જાતીય અપરાધો, હેરફેર વગેરે સહિતના કેસોમાં કોઈ મંજૂરીની જરૂર નથી. BNSS બિલ, જે CrPCનું સ્થાન લેશે, તેમાં હવે ૫૩૩ વિભાગો છે, જૂના કાયદાના ૧૬૦ વિભાગોને બદલવામાં આવ્યા છે, નવ નવા વિભાગો ઉમેરવામાં આવ્યા છે અને નવ વિભાગો રદ કરવામાં આવ્યા છે. ગૃહમંત્રીએ લોકસભામાં કહ્યું હતું કે કાયદામાં એફઆઈઆરથી લઈને કેસ ડાયરી, કેસ ડાયરીથી ચાર્જશીટ અને ચાર્જશીટથી ચુકાદા સુધીની સમગ્ર પ્રક્રિયાને ડિજિટલ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. સર્ચ અને જપ્તીના સમયે વીડિયોગ્રાફી ફરજિયાત કરવામાં આવી છે, જે કેસનો એક ભાગ હશે અને આ નિર્દોષ નાગરિકોને ફસાવવાથી બચાવશે. પોલીસ દ્વારા આવા રેકોર્ડિંગ વિના કોઈ ચાર્જશીટ માન્ય રહેશે નહીં. ચાર્જશીટ દાખલ કરવા ઉપર ટ્રાયલ કોર્ટ હવે ૬૦ દિવસની અંદર આરોપી વ્યક્તિને આરોપો ઘડવાની નોટિસ આપવા માટે બંધાયેલા રહેશે. ટ્રાયલ જજે દલીલ પૂરી થયાના ૩૦ દિવસની અંદર નિર્ણય આપવાનો રહેશે, આનાથી નિર્ણય વર્ષો સુધી પેન્ડિંગ રહેશે નહીં અને નિર્ણય સાત દિવસમાં ઓનલાઈન ઉપલબ્ધ કરાવવાનો રહેશે.

# તબીબી વિજ્ઞાન સાથે વિશ્વાસનો સમન્વય જીવન સરળ બનાવે છે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૮

છ વર્ષની બાળકીને વોકહાર્ટ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવેલ. સતત માથાનો દુખાવો, ઉલ્ટી–ઉબકાથી તે પીડાતી હતી તથા દવા લેવાથી થોડા સમય સારૂ રહે પરંતુ આ દવા બંધ થતા ફરી દુઃખાવો થવા લાગતો. ધીરે ધીરે તે ચાલવામાં પણ લથડીયા ખાવા લાગી. વોકહાર્ટ હોસ્પિટલના નિષ્ણાંત ન્યુરોસર્જન ડો.કાંત જોણાણી તથા ડો.વિરલ વસાણીની મુલાકાત લેતા અને જરૂરી તમામ રિપોર્ટ કરતા માલુમ થયુ કે બાળકીને મગજમાં ગાંઠ છે. એ પણ નાના મગજની વચ્ચો વચ અને Brainstem (મગજનો એવો ભાગ જયાં શ્વાસ અને હૃદયને નિયંત્રણ કરતી ચેતાઓ હોય તથા મગજના દરેક જ્ઞાનતંતુને લઈ જતો એ માર્ગ છે જે આપણી દરેક ઈન્દ્રીયોનુ નિયંત્રણ કરે છે.) પણ થોડો સામેલ હોય તેવુ જણાતું હતું.

હોસ્પિટલના ન્યુરોસર્જન એ જણાવેલ કે આ ગાંઠ High Grade હોવાથી આ બાળકીનુ અપેક્ષીત જીવન જોએક વર્ષથી ઓછુ હોય તો પરિવારની સારવાર કરાવવાની ઈચ્છા ન હતી. અને જે પરિસ્થિતી છે તેને સ્વીકારીને આગળ ચાલવાની તૈયારી હતી. વોકહાર્ટ હોસ્પિટલમાં આવ્યા પછી અને




ડોક્ટર સાથે વિગત ચર્ચા અને આ સર્જરીમાં રહેલ જોખમો અને લાભ જાણ્યા બાદ મહતમ ગાંઠ સલામતી પુર્વક કાઢવાનું નકકી કરવામાં આવ્યું. કારણ કે જો આખી ગાંઠ કાઢવામાં આવે તો આંખનો ડોળો ત્રાંસો થવો, મોઢુ ત્રાંસુ થવુ, સાંભળવામાં તકલીફ થવી અને કોમામાં જવા જેવી શકયતાઓ આ ઓપરેશનમાં રહેલી હતી. જે પરિવાર માટે સ્વીકાર્ય ન હતી. સંપુર્ણ શકયતાઓ, જોખમો જાણ્યા અને પરિવારની પરવાનગી બાદ આ બાળકીનુ સફળતા પુર્વક ઓપરેશન કરવામાં આવ્યુ. આ ગાંઠ GRADE 3 Anaplastic astrocytoma નું નિદાનકરવામાં આવ્યુ. ત્યારબાદ બીજા જ દિવસથી તે ચાલવા માટે સક્ષમ હતી તથા તેનો માથાનો દુખાવો પણ સંપુર્ણપણે જતો રહયો હતો. મગજમાં રહેલ પાણી કાઢવા નળી મુકવાની પણ જરૂર ન પડી. ઓપરેશન બાદ જયારે MRI કરવામાં આવ્યો ત્યારે મગજની ગાંઠ સંપુર્ણ રીતે દુર થયેલી જોવા મળી. ત્યારબાદ બાળકીને રેડીયોથેરાપી માટે મોકલવામાં આવી. આજે છેલ્લા દોઢ વર્ષથી તે સામાન્ય તપાસ માટે આવે છે ત્યારે તેને કોઈપણ જાતની તકલીફ નથી અને તે સામાન્ય બાળકોની જેમ શાળાએ જઈને પોતાનો અભ્યાસ કરી રહી છે.

## જૂનાગઢમાં આવતીકાલે સોરઠીયા વાણંદ સમાજનો સરસ્વતિ સન્માન સમારો યોજાશે

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા આવતીકાલ તા.૧૯/૮/૨૦૧૩ના રોજ શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિના તેજસ્વી તારલાને સન્માનિત કરવાનાં હેતુસર શ્રી સરસ્વતી સન્માન સમારોહનું ગાંધીગ્રામના આઈ.એમ. કે હોલ ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમ જ્ઞાતિ જનો, સંતો તેમજ રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતમાં યોજાનારા આ કાર્યક્રમમાં જૂનાગઢ શહેર તેમજ આસપાસના વિસ્તારમાં રહેતા જ્ઞાતિજનોએ આ કાર્યક્રમમાં સહ પરિવાર ઉપસ્થિત રહેવા પ્રમુખ બિપિનભાઈ ભટ્ટી, મંત્રી રાજુભાઈ ચુડાસમાએ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં આવતીકાલે પ્રાકૃતિક કૃષિ સંમેલન યોજાશે

## પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોની ખેત પેદાશોનું નિદર્શન પણ કરાશે

જૂનાગઢ, તા.૧૮

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને ધી જૂનાગઢ જિલ્લા સહકારી બેંક લિ.ના સંયુકત ઉપક્રમે પ્રાકૃતિક કૃષિ સંમેલન અને પ્રાકૃતિક કૃષિ પ્રદર્શનનું આવતીકાલ તા.૧૯-૦૮-૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભા ગૃહ ખાતે આયોજન કરવામાં આવ્યુંછે. જેમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આ સાથે પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો દ્વારા તેમની ખેત પેદાશોનું સ્ટોલ મારફત નિદર્શન કરવાની સાથે માહિતી આપવામાં આવશે. આ પ્રાકૃતિક કૃષિ સંમેલનમાં જૂનાગઢ જિલ્લાના ખેડૂતો મોટી સંખ્યામાં ભાગ લેનાર છે. ઉલ્લેખનીય છે કે,હાલમાં સમગ્ર રાજયમાં પ્રાકૃતિક કૃષિ અભિયાન ચાલી રહ્યું છે. જેમાં દરેક ગામથી ૭૫ ખેડુતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય તે માટે આત્મા પ્રોજેક્ટ અને ખેતીવાડી ખાતા દ્વારા ગ્રામ્ય કક્ષાએ તાલીમ કાર્યક્રમ તેમજ અન્ય વિવિધ કાર્યક્રમો પણ આયોજિત થઈ રહ્યા છે. જિલ્લાના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સંમેલનમાં ભાગ લેવા આત્મા પ્રોજેક્ટ-જૂનાગઢ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગૌડ બ્રહ્મ યુવા ગૃપ-જૂનાગઢ દ્વારા સ્વાતંત્ર પર્વની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૮



શ્રી ગૌડ બ્રહ્મ યુવા ગૃપ-જૂનાગઢ દ્વારા આગવી પહેલ જ્ઞાતિ સમાજની બોર્ડીંગમાં પ્રથમ વાર ધ્વજવંદન તારીખ ૧૫-૮-૨૦૨૩ના રોજ ૭૭માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રી સોરઠીય શ્રીગૌડ માળવીય જ્ઞાતિ સમાજ પ્રમુખ શૈલેષભાઈ આર. દવેના હસ્તે મુકુંદ પુરૂષોત્તમ વિદ્યાર્થી આશ્રમ વાંઝાવાડ ખાતે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બ્રહ્મ અગ્રણી જેવા કે સનતભાઈ પંડ્યા, ઉમાકાંત ભાઈ ભટ્ટ, જે.કે. ભટ્ટ, રૂપમભાઈ જોષી, મુકુંદભાઈ પુરોહિત, કિશોરભાઈ પુરોહિત, કેતનભાઈ ભટ્ટ, જીગ્નેશભાઈ ભટ્ટ હાજર રહીને કાર્યક્રમને દેશભક્તિની વાચા આપી હતી. આ કાર્યક્રમ ને સફળ બનાવવા ચિંતનકુમાર એલ. પુરોહિત, ધાર્મિકભાઈ જે. ભટ્ટ, કશ્યપભાઈ સી. દવે, ભાર્ગવભાઈ ડી. પંડ્યા, કરણભાઈ એન. પંડ્યા, પ્રિયાંશુભાઈ વી. પુરોહિત, દેવેન્દ્ર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# સોમનાથ મરીન પોલીસ સ્ટેશન દ્વારા ફિશરમેન અવેરનેસ કાર્યક્રમ યોજાયો

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૮



નાયબ પોલીસ મહાનિરીક્ષક, નિલેશ જાજડીયા જૂનાગઢ રેન્જ જૂનાગઢ તથા પોલીસ અધિક્ષક, મનોહરસિંહ એન. જાડેજા ગીર-સોમનાથનાઓની સુચના તેમજ નાયબ પોલીસ અધિક્ષક, વી.આર.ખેંગાર વેરાવળ વિભાગ વેરાવળનાઓના માર્ગદર્શન હેઠળ ફીશરમેન અવરનેશ કાર્યક્રમનું આયોજન કરવા સુચનાઓ કરેલ હોય જે અનુસંધાને તારીખ ૧૪-૮-૨૦૨૩ના રોજ હીરાકોટ બંદર, સમાજની વંડી ખાતે ખાતે નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર વેરાવળ વિભાગ વેરાવળ તથા સોમનાથ મરીન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, એચ.આર. ગોસ્વામી તથા એસ.ઓ.જી. સ્ટાફ, ધર્મેશ વાસન, ACIO સેન્ટ્રલ આઈ.બી. વેરાવળ તથા એલ.ડી.પરમાર, AIO સ્ટેટ આઈ.બી. વેરાવળ, જી.એમ.બી. સ્ટાફ તેમજ સોમનાથ મરીન પો.સ્ટે. સ્ટાફ સાથે ફિશરમેન અવેરનેશ કાર્યક્રમ સોમનાથ મરીન પોલીસ સ્ટેશન તરફથી યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં ફીશરમેન વોચ ગૃપના ૩૫ જેટલા સભ્યો/માછીમાર ભાઈઓ હાજર રહેલ હતા જે તમામ સભ્યોને દરિયા કાંઠા વિસ્તારોમાં સંભવી શકે એવી આતંકી પ્રવૃતિ, માદક પદાર્થો/શસ્ત્રોની હેરાફેરી, અજાણ્યા ઈસમોની શંકાસ્પદ હિલચાલ બાબતે તેમજ શંકાશીલ જણાતી કોઈપણ પ્રવૃતી બાબતે માહિતી મેળવવાનો પ્રયાસ કરેલ તેમજ ઉપસ્થિત સભ્યોને દરીયામાં તેમજ દરીયા કાંઠા વિસ્તારમાં કોઈપણ શંકાસ્પદ હિલચાલ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા સમજ કરવામાં આવેલ તેમજ હાજર સભ્યોને સાઈબર ક્રાઈમ લગત જાગૃતતા લાવવા માટે કોઈ પણ વ્યક્તિને ઓ.ટી.પી. શેર ન કરવો, અજાણી વ્યક્તિનો વિડીયો કોલ રીસીવ ન કરવો વિગેરે મુદાઓથી માહીતગાર કરી અને ફીશરમેન અવરનેશનો કાર્યક્રમ પુર્ણ કરવામાં આવેલ. તેમજ આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ "મારી માટી મારો દેશ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં હાજર રહેલ તમામ અધિકારી/કર્મચારી તેમજ ફીશરમેનના સભ્યોને પંચ પ્રણ પ્રતિજ્ઞા તેમજ તીરંગાયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું.

# પૂજ્ય મોરારી બાપૂએ સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં શિક્ષકો, ખેડૂતો અને માછીમારોને મહેમાન તરીકે આમંત્રિત કરવાના મોદી સરકારની પહેલની પ્રશંસા કરી

(પ્રતિનિધિ દ્વારા)

કેમ્બ્રિજ તા.૧૮

પ્રસિદ્ધ કથાકાર પૂજય મોરારી બાપૂએ નવી દિલ્હીમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી પ્રસંગે શિક્ષકો, માછીમારો અને ખેડૂતોને આમંત્રિત કરવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારની પ્રશંસા કરી હતી. પૂજ્ય બાપૂએ કેમ્બ્રિજ યુનિવર્સિટી ખાતેથી તમામ ભારતીયોને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવતાં કહ્યું હતું કે, માછીમારો, શિક્ષકો અને ખેડૂતોને સ્વતંત્રતા દિવસની ઉજવણી માટે આમંત્રિત કરવા ખૂબજ સારી પહેલ છે. કદાચ પહેલીવાર મોટી સંખ્યામાં સામાન્ય વ્યકિતઓને ઉજવણીમાં મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યાં છે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ લાલ કિલ્લાથી સમગ્ર દેશ ૭૭માં સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી કરી રહ્યો છે. ટોચના રાજકીય નેતાઓ, અધિકારીઓ, જજ અને બીજા મહાનુભાવો ઉપરાંત કેન્દ્ર સરકારે ઉજવણીના ભાગરૂપે વિવિધ તબક્કાના ૧,૮૦૦ લોકોને ઉજવણીમાં સામેલ થવા આમંત્રિત કર્યા હતાં. અધિકારીઓના કહેવા મૂજબ દેશભરમાંથી ૪૦૦થી વધુ ગામડાના સરપંચો, ૩૦૦ ખેડૂતો, ૫૦ પ્રાથમિક શાળાના શિક્ષકો, નર્સ અને માછીમારોને લાલ કિલ્લા ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં મહેમાન તરીકે આમંત્રિત કરાયા હતાં. આ ઉપરાંત વિશિષ્ટ મહેમાનોની યાદીમાં ૫૦ બાંધકામ કામદારો પણ સામેલ હતાં કે જેઓ નવી સંસદના નિર્માણમાં સામેલ હતાં તથા ૫૦ કામદારો વિશાળ માર્ગો અને બીજા પ્રોજેક્ટ્સના નિર્માણમાં સામેલ હતાં. ૭૫ દંપતિઓ પારંપરિક વસ્ત્રોમાં ઉપસ્થિત રહ્યાં હતાં. પૂજ્ય બાપુની રામકથા હાલ યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજની જિસસ કોલેજ ખાતે ચાલી રહી



છે. આ કથા ભારત અને અંગ્રેજી સંસ્કૃતિ વચ્ચે લાંબાગાળાના સંબંધોની ઉજવણી છે. આ રામકથા ૨૦ ઓગસ્ટે સમાપ્ત થશે.

# શું કચ્છના અખાતમાં મચ્છીમારી સીઝન સાથે ડ્રગ્સની હેરાફેરીની સીઝન પણ શરૂ થાય છે ?!

## આંતરાષ્ટ્રીય જળ સરહદીય વિસ્તારનાં વિવાદાસ્પદ આંતરરાષ્ટ્રીય કાયદાઓ જવાબદાર ?!

(સુરેશચંદ્ર એમ. ધોકાઈ દ્વારા)

દ્વારકા તા.૧૮

બે દિવસ પહેલા કચ્છનાં અબડાસામાંથી એસ.ઓ.જી.ની ટીમ દ્વારાડેલ્ટાટી નાં ૩૧પેકેટમાંથી ચરસ અને એક પેકેટમાંથી હેરોઈનનો જથ્થો પકડી પાડવામાં આવ્યા બાદ સક્રિયથયેલ બી.એસ.એફને ૧૦ પેકેટ ડાર્ક સુપ્રીમોબ્લેક કોફી પ્રિન્ટ કરેલ પીળા કલરનાં કોથળામાંથી બિન વારસુ ચરસનો જથ્થો મળી આવ્યા બાદ ત્યાંથી થોડે દુર એક સફેદ કોથળામાં રહેલ હેરોઈનનો જથ્થો પણ મળી આવ્યો છે. હકીકતમાં ગત માર્ચ માસમાં હોળીની રાત્રીના કચ્છનાં અખાતમાંથી એ.ટી.એસ. અને કોસ્ટગાર્ડ દ્વારા ૪૨૫ કરોડ રૂપિયાનાં ડ્રગ્સ સાથેની બોટ અને તેમાં રહેલા ડ્રગ્સ પેન્ડલરોને પકડી પાડવામાં આવેલ. ત્યારબાદ કચ્છનો અખાત માચ્છીમારો માટે માચ્છીમારી કરવા આવવા-જવા માટે એપ્રિલ-મેં મહિનાથી સમુદ્ર તોઅફાની બનતા અને અરબી સમુદ્રમાં ચોમાસાની મોન્સુન સીઝન શરૂ થતા લગભગ બંધ જેવો થઈ જાય છે અને ડ્રગ્સ પેન્ડલરો નવી સીઝન અને નવી મોડ ઓપરેન્ડીની રાહ જોય ઓગસ્ટ મહીનામાં ફરી ચાલુ થનાર મચ્છીમારીની સીઝન માટેનાં નવા ગ્રાહક-નવા ડ્રગ્સ પેન્ડલરો અને નવા સ્થળોની એકી કરવામાં લાગી જાય છે. જે મુજબ આ વર્ષે હજુ તો કાચ્છના અખાતમાં વરસાદી માહોલ અને તોફાની સમુદારનાં કારણે દર વર્ષે તારીખ પહેલી ઓગસ્ટ થી શરુ થતી મચ્છીમારી સીઝન આ વર્ષે તારીખ પાંચથી ચાલુ થઈ અને દશ-અગિયાર ઓગસ્ટનાં રોજ પોલીસ અને બી.એસ.એફ દ્વારા ફરીને કાચ્છમાંથી બિનવારસું ડ્રગ્સ ચરસ અને હેરોઈનનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. જે ફક્ત સફળતા પૂર્વક લેન્ડીંગ થયેલા કોઈ કન્સાઈન્મેન્ટનો ભાગજ છે ત્યારે બાકીનો જથ્થો શું સલામત સ્થળે પહોંચી ગયો છે કે ક્યાંક નિર્જન જગ્યા ઉપર ડ્રગ્સ પેન્ડલરોની નજર હેઠળ પડ્યો છે તે તંત્ર માટે તપાસનો વિષય બનવા પામેલ છે. ઉપરોક્ત હકીકત તે સાબિત કરે છે કે કચ્છનાં અખાતને ડ્રગ્સની હેરાફેરીનું કેન્દ્ર બનવા પાછળનું મુખ્ય કારણ મચ્છીમારીનો વિકસેલો વ્યવસાય અને તેના વહીવટમાં ચાલતી લાલીયાવાડી જેવો વહીવટ હોવાનું નકારી શકાતું નથી.

**હવે ડ્રગ્સની આયાત પેન્ડલરો દ્વારાબ્રાંડ વાઈઝ અલગ-અલગ પેકિંગમાં મંગાવાય છે ??!!**

ઉપરોક્ત ઘટના હવે ડ્રગ્સ પેન્ડલરો દ્વારા ગ્રાહકની માંગ પ્રમાણેની બ્રાન્ડેડનો જેમ કાયદેસરનો જથ્થો આયાત કરવામાં આવતો હોય તેમ આ જથ્થો પણ આ વખતે તેમેના દ્વારા વિદેશીડ્રગ્સ પેન્ડલરો પાસેથી મંગાવવામાં આવ્યા હોય તેમ ચરસનો જથ્થો પીળા કલરની બેગ્સમાં અને હેરોઈનનો જથ્થો સફેદ પ્લાસ્ટિક બેગમાં અને તે પણ પોલીસને ડેલ્ટા ટીનાં પેકેટ સ્વરૂપે અને બી.એસ.એફને ડાર્ક સુપ્રીમો બ્લેક કોફીનાં નામ થીમળીઆવેલ છે જે તેની અલગ અલગ બ્રાંડ હોવાનું પણનકારી શકાતું નથી. ગત માર્ચ માસ દરમ્યાન કચ્છના અખાતમાંથી પકડાયેલ રૂપિયા ૪૨૫ કરોડના ડ્રગ્સના જથ્થા સાથે કચ્છનાં અખાતમાંથી છેલ્લા દોઢ વર્ષમાં રૂપિયા ૨૩૫૫ કરોડનું માદક ડ્રગ્સ પકડાયું છે અને ના પકડાયું હોય તેની તો કોઈ નોંધ ફકત આસપ્લાય કરનારા અને આ રેકેટ ચલાવનારા પાસે થીજ મળી રહે તે સત્ય હકીકત છે. ત્યારે ખરેખર આ માદક ડ્રગ્સની હેરાફેરીનો આ વ્યવસાય હવે તો કચ્છના અખાતમાં મચ્છીમારીનાં




વ્યવસાયની માફક ફૂલવા ફાલવા સાથે તેનો સાથી અને સહભાગી હોવાનું પણ આ ઘટના ઉપરથી નકારી શકાતું નથી. બીજી બાજુ આ અંગેનો ગુન્હો ખરેખર રકમથી જેવોમોટો દેખાય છે તેવો કાયદા હેઠળ આંતરરાષ્ટ્રીય ગુન્હોનાં બનતો હોય તે જાણતાડ્રગ્સ પેન્ડલરો દ્વારા તે અવિરત ચાલુ છે. જ્યારે બીજી બાજુ આજદિન સુધી આ રેકેટમાં કોઈ મુખ્ય ગુન્હેગારને આજ દિવસ સુધી પકડવામાં આવ્યાનું બન્યું નથી અને પકડાયેલા ગુન્હેગાર દ્વારા આપવમાં આવેલ વિગતોની સત્યતા તો લેખિત સ્વરૂપેનાં હોય અને મૌખિક સ્વરૂપે હોય તે કડીવાસટ્રાયલ કોર્ટમાં પુરાવારૂપે સાબિત થતી ના હોય કે તેને સાબિત કરી ના શકે તેવી પરિસ્થિતિ ઉભી થતી હોય ગુન્હેગારો વિરૂદ્ધ સબળ પુરાવા પણ મળતા ના હોય આ વ્યવસાય ફૂલ્યો ફાલ્યો હોવાનું પણ નકારી શકાતું નથી.

**આંતરરાષ્ટ્રીય કાયદાઓ**

હકીકતમાં વર્ષ ૧૯૭૮નાં ઈન્ટરનેશનલ મેરી ટાઈમ ઝોનનાં કાયદા મુજબ ભારત-પાક વચ્ચે કચ્છનાં અખાતમાં સિરક્રીકનો વિસ્તાર કે જેના ઉપર ભારત-પાકિસ્તાન પોતાનો હોવાનો દાવો કરી આ કેસને પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય કોર્ટમાં કેસ દાખલ કરી તેને વિવાદાસ્પદ બનાવેલ છે અને તે કારણે આ વિસ્તારમાં આવેલ આઈ.બી.એલ. આંતરરાષ્ટ્રીય જળ સરહદનો વિસ્તાર કે જ્યાં ભારત-પાકિસ્તાનના માચ્છીમારો મચ્છીમારી કરવા જાય છે ત્યાં આ ડ્રગ્સ પેન્ડલરો દ્વારા માદક ડ્રગ્સ ની હેરાફેરી આરામ થી કરી રહ્યા છે જે તંત્રની જાણમાં હોવા છતાં દેશને કરોડો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ કમાવી આપતા આ મચ્છીમારીના વ્યવસાયને દખલરૂપ થઈ શક્તા ના હોય આ પરિસ્થિતિ નિર્માણ થતી હોવાનું પણ નકારી શકાતું નથી.

**નવી અલગ-અલગ બ્રાંડ અને પેકેટ્સ આ વ્યવસાયના વિકાસની નિશાની છે શું ??!!!**

આ વખતે પ્રથમ વખત ચરસ અને હેરોઈનનો અલગ અલગ જથ્થો અને તે પણ અલગ અલગ કલરનાં કલર કોડ પ્રમાણેનાં પેકેટ્સમાં પકાદાયેલ છે તે શું દર્શાવે છે કે હવે આ વ્યવસાય પણ શું બ્રનાડેડ બની ગયો છે અને તે પ્રમાણે નાં પેકિંગ પણ હવે ખુલ્લેઆમ આવી રહ્યા છે જે ખરેખર ચોરી છુપીથી નામ નિશાન વગર નાં પેકેટ માં આવતો હતો તેને બદલે હવે ડાર્ક સુપ્રીમો બ્લેક કોફી અને ડેલ્ટા ટીનાં નામે આવ્યો છે જે પિકચરમાં સ્પષ્ટ દેખાય છે જે દર્શાવે છે કે હવે આ વ્યવસાય કોઈપણ જાતના ભય વગર નિર્ભયપણે કચ્છનાં અખાતમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ પેન્ડલરો દ્વારા ચાલુ કરવામાં આવેલ છે.

## લાયન્સ ઈન્ટરનેશનલ દ્વારા કેબિનેટ ઈન્સ્ટોલેશન સમારંભ યોજાયો



(નિતીન વાસાણી દ્વારા) રાજકોટ તા.૧૮

દેશને દરિયા પાર સેવાકીય કાર્યની જબરી સુવાસ ફેલાવતી લાયન્સ ઈન્ટરનેશનલ દ્વારા તાજેતરમાં સોનાની મુરત સુરત ખાતે ૨૦૨ કેબિનેટ ઈન્સ્ટોલેશન સમારંભ યોજાણો હતો. જેમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાતના શિરમોર સી.આર. પાટીલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે લાયન્સના મોટી સંખ્યામાં મિત્રો તથા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## જેતપુર નવાગઢ નગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ કરી અમૃત વાટીકા બનાવવામાં આવશે



(નિતીન વસાણી દ્વારા)

રાજકોટ તા.૧૮

માતૃભૂમિને સમર્પિત મેરી મિટ્ટી મેરા દેશ અભિયાનઅન્વયે જેતપુર નવાગઢ નગરપાલિકા દ્વારા દેરડી રોડ ઉપર વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં રાજકોટ જીલ્લા કોપરેટીવ બેંકના ડિરેકટર લલિતભાઈ રાદડીયા, શહેર ભાજપ પ્રમુખ રમેશભાઈ જોગી, બાબુભાઈ ખાચરીયા, સીટી પોલીસ ઈન્સ્પેકટર હેરમા, નગરપાલિકાના દિપકભાઈ પટોડીયા, હિરેનભાઈ રોકડ, એન્જિનિયર નિકુંજ ઉસદડીયા, દિવ્યેશ ઉમરેટીયા, કીરીટભાઈ પટેલ સહિતના કર્મચારીઓ તથા રમાબેન મકવાણા, રાહુલ આસનાણી, મેહુલ ધામી સહિતના ભાજપના હોદેદારો સહિત બહોળા પ્રમાણમાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

